


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 222
Dt.: 24-04-2026, Friday
Page : 04
Rs.00.50 paisa


ટ્રકની બ્રેક અચાનક ફેલ થઈ ગઈ હતી

## મુંડન વિધિ બાદ ઘરે પરત ફરતા પરિવાર પર ટ્રકનો કહેર, ૧૧ના મોત

### મિર્ઝાપુર-રીવા રાષ્ટ્રીય રાજમાર્ગ પર બેકાબૂ બનેલા ટ્રકે એક સ્વિફ્ટ કારને અડફેટે લીધી અને ત્યારબાદ સામેથી આવતા એક ટ્રક સાથે ધડાકાભેર અથડાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં બુધવારની રાત્રે એક કાળજું ધ્રુજાવી દેનારી ઘટના સામે આવી છે, જેમાં માસૂમ બાળક સહિત કુલ ૧૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

મિર્ઝાપુર-રીવા રાષ્ટ્રીય રાજમાર્ગ પર ડ્રમડગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક બેકાબૂ બનેલા ટ્રેલરે હસતા-રમતા પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી દીધી હતી. રાત્રે આશરે સાડા નવ વાગ્યાના સુમારે મધ્યપ્રદેશથી કપચી ભરીને આવી રહેલા એક ટ્રકની બ્રેક અચાનક ફેલ થઈ ગઈ હતી. ઢાળ પર ટ્રકએ કાબૂ ગુમાવતા તેણે પહેલા એક સ્વિફ્ટ કારને અડફેટે લીધી અને ત્યારબાદ સામેથી આવતા એક ટ્રક સાથે ધડાકાભેર અથડાયો હતો. આ જ સમયે પાછળથી આવી રહેલી એક બોલેરો કાર સીધી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બોલેરોમાં જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી.

આ દુર્ઘટનામાં સૌથી વધુ નુકસાન બોલેરોમાં સવાર પરિવારને થયું હતું. બોલેરોમાં આગ લાગતા ડ્રાઈવર સહિત તેમાં સવાર તમામ ૯ લોકો અંદર જ ફસાઈ ગયા હતા અને જોતજોતામાં તમામ જીવતા ભૂંજાયા હતા. મૃતકોમાં ૮ વર્ષનો બાળક, તેની માતા અને અન્ય મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત સ્વિફ્ટ કારના ડ્રાઈવર અને ટ્રકના ક્લીનરનું પણ મોત નીપજ્યું છે. આ તમામ લોકો જીગ્ના વિસ્તારના નરૈના ગામના રહેવાસી હતા અને મધ્યપ્રદેશના મૈહર ખાતે દીકરાનું મુંડન કરાવીને ખુશી-ખુશી ઘરે પરત ફરી રહ્યા હતા.

પોલીસ અધિક્ષક અપર્ણા રજત કૌશિકે ઘટનાસ્થળે પહોંચીને માહિતી મેળવી હતી. તેમણે અકસ્માતમાં ૧૧ લોકોના મોતની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે, બુધવારે એક અનિયંત્રિત ટ્રક દ્વારા અનેક વાહનોને ટક્કર મારવાની સૂચના મળી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ટીમે જણાવ્યું કે, એક અનિયંત્રિત ટ્રકે બોલેરો, એક કાર અને એક કન્ટેનરને પાછળથી ટક્કર મારી દીધી છે, જેના કારણે બોલેરો કારમાં ભીષણ આગ લાગી ગઈ છે અને કારમાં સવાર ૬ લોકોના જીવતા સળગી જવાથી મોત થયા છે. ઘટનાસ્થળે ફાયર બ્રિગેડની ટીમને બોલાવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અકસ્માતના કારણોની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ, ટ્રકની અનિયંત્રિત ગતિ અને સંભવિત રીતે ચાલકની બેદરકારી આ દુર્ઘટનાનું મુખ્ય કારણ બની છે.

પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, અકસ્માતમાં ટ્રક ચાલક સહિત અનેક લોકો ઘાયલ પણ થયા છે, જેમને સ્થાનિક લોકો અને પોલીસની મદદથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે, પરંતુ બોલેરોમાં સવાર તમામ લોકોની સ્થિતિ એટલી ગંભીર હતી કે તેમનો જીવ ન બચાવી શકાયો. મૃતકોના પરિવારજનોને અકસ્માત અંગે જાણ કરી દેવામાં આવી છે અને તેમના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આગ એટલી ભયાનક હતી કે કોઈને પણ બહાર કાઢવાની તક મળી નહોતી. ઘટનાની જાણ થતા જ એસપી અપર્ણા રજત કૌશિક અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ફાયર બ્રિગેડની મદદથી આગ પર કાબૂ મેળવીને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. એક માસૂમ દીકરાનું મુંડન કરાવીને ઘરે પરત ફરતા આખા પરિવારનો આ રીતે કરુણ અંત આવતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

---

ઉમરેઠમાં સાંજે ૫ વાગ્યા સુધીનું ૫૪ ટકા વોટિંગ

## ગુજરાત-મહારાષ્ટ્રની વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન પરિપૂર્ણ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાતની એક અને મહારાષ્ટ્રની બે બેઠકો માટે આજે(૨૩મી એપ્રિલ) યોજાયેલી પેટાચૂંટણી માટેનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. વહેલી સવારથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અગાઉના ધારાસભ્યના નિધન બાદ ખાલી પડેલી આ બેઠક પર આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું છે. સવારે ૭ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલ્યું હતું. ત્યારે વિધાનસભાની પેટાચૂંટણીમાં સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધીના મતદાનના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાતની ઉમરેઠ (૧૧૧) બેઠક પર ૫ વાગ્યા સુધીમાં ૫૪.૪૩% મતદાન નોંધાયું છે. બીજી તરફ, મહારાષ્ટ્રની બે મહત્ત્વની બેઠકો પર પણ મધ્યમ મતદાન જોવા મળ્યું છે, જેમાં રાહુરી (૨૨૩) બેઠક પર ૫૦.૬૮% અને બારામતી (૨૦૧) બેઠક પર ૫૨.૪૪% જેટલું અંદાજિત મતદાન થયું છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા આ આંકડાઓ પ્રાથમિક છે અને આખરી આંકડાઓમાં થોડો ફેરફાર થઈ શકે છે. ઉમરેઠ વિધાનસભા બેઠક પર યોજાઈ રહેલી પેટા ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા અત્યંત વેગવંતી બની છે. બપોરે ૧ વાગ્યા બાદ મતદાનની ટકાવારીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડા મુજબ, બપોરે ૩:૦૦ વાગ્યા સુધીમાં ઉમરેઠમાં કુલ ૪૬.૬૬% મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા બપોરે ૧:૦૦ વાગ્યા સુધીના ટ્રેન્ડ્સ મુજબ, ઉમરેઠ બેઠક પર મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બપોરે ૧:૦૦ વાગ્યા સુધીના ૩૭.૧૪ % મતદાન થયું હતું. ચૂંટણી પંચના સવારના ૧૧:૦૦ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ, ઉમરેઠ બેઠક પર નોંધપાત્ર મતદાન જોવા મળ્યું છે. સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં ૨૫.૬૫ ટકા મતદાન થયું છે. જ્યારે ૯ વાગ્યા સુધીમાં ૧૦ ટકા મતદાન થયું હતું. આ પેટા ચૂંટણીમાં કુલ ૨,૪૫,૦૦૦થી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને યુવા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેમાં ૪,૧૭૪ યુવાઓ પ્રથમ વખત મતદાન કરી લોકશાહીના પર્વમાં ભાગીદાર બન્યા છે. આ ઉપરાંત ૧,૬૪૪ જેટલા વરિષ્ઠ નાગરિકો પણ મતદાન કરવા પહોંચ્યા હતા. ઉમરેઠ બેઠક પર કુલ ૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, પરંતુ મુખ્ય મુકાબલો ભાજપના ઉમેદવાર હર્ષદ પરમાર અને કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણ વચ્ચે માનવામાં આવી રહ્યો છે. બંને પક્ષોએ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું, ત્યારે હવે જનતા કોના પર કળશ ઢોળશે તે જોવું રસપ્રદ રહેશે.

ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને શાંતિપૂર્ણ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ૩૦૬ પોલિંગ સ્ટેશનો તૈયાર કરવામાં આવ્યા છે. સુરક્ષાની દૃષ્ટિએ ૨ DYSP, 4 PI અને આશરે ૫૦૦ પોલીસ અને હોમગાર્ડના જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા. સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે CRPFની ૩ કંપનીઓ પણ સતત પેટ્રોલિંગ કરી રહી હતી. નોંધનીય છે કે, આજે મતદાન પૂર્ણ થયા બાદ આગામી ચોથી મેના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને તે જ દિવસે સ્પષ્ટ થશે કે ઉમરેઠની જનતાએ કોને પોતાના નવા પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા છે.

---

## ખાનગી શાળાઓની મનમાની પર રાજ્યોને નોટિસ અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના વિવિધ ભાગોમાંથી વાલીઓ દ્વારા ફરિયાદો દાખલ કરવામાં આવી છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ખાનગી શાળાઓ ખાનગી પ્રકાશકો પાસેથી પુસ્તકો ખરીદવા માટે દબાણ કરી રહી છે. આ આરોપો બાદ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) એ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પ્રિયંક કાનૂનગોની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચે આ મામલે તમામ રાજ્ય સરકારોને નોટિસ ફટકારી છે. નમો ફાઉન્ડેશન દ્વારા રજૂ કરાયેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. કમિશને રાજ્ય સરકારોને રાષ્ટ્રીય સ્કૂલ બેગ નીતિ અને શિક્ષણ અધિકાર કાયદાની કલમ ૨૯ ના પાલનમાં જરૂરી કાર્યવાહીની વિગતવાર અહેવાલો રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. કમિશને SCER દ્વારા પ્રકાશિત પુસ્તકોની સંખ્યા અને ખાનગી અને સરકારી શાળાઓમાં નોંધાયેલા વિદ્યાર્થીઓના ગુણોત્તર અંગેનો ડેટા પણ માંગ્યો હતો. આયોગે એ પણ નોંધ્યું કે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને SCERT/NCERT પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે, પરંતુ ખાનગી શાળાઓને ફીના આધારે સમાન સિસ્ટમ લાગુ કરવાથી શું રોકે છે?

---

મિડલ ઈસ્ટમાં તણાવ, હોર્મુઝનું સંકટ યથાવત

## ચૂંટણી પછી પેટ્રોલ ડીઝલના ભાવમા વધારો થાય તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી




મિડલ ઈસ્ટમાં હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભલે યુદ્ધવિરામ લંબાવ્યો પરંતુ ઈરાને આ નિર્ણય ફગાવી દીધેલો છે. જેને પગલે જંગનું જોખમ યથાવત છે. એમાં પણ ઈરાન ધમકીઓ પર ધમકી આપી રહ્યું છે. આ બધા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ભડકો જોવા મળી રહ્યો છે અને એક તબક્કે ક્રૂડ ઓઈલ ઉછળીને ૧૦૦ ડોલર પાર કરી ગયું. ભારતમાં પણ ટૂંક સમયમાં ભાવમાં વધારો જોવા મળી શકે છે.

પશ્ચિમ એશિયામાં જે સ્થિતિ જોવા મળી રહી છે તેને પગલે ક્રૂડ ઓઈલ સતત ઉછાળા મારી રહ્યું છે. કારણકે જંગનો ખતરો હજું ટળ્યો નથી. ભારતમાં ક્રૂડ ઓઈલ મુખ્યત્વે આયાત થતું રહે છે. જેને પગલે ભાવ વધારો તોળાઈ રહ્યો છે.

એક્સપર્ટ્સ જણાવે છે કે જો આ વર્ષે ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ ૯૫ ડોલર પ્રતિ બેરલ રહે તો પણ સરકારે બોજો ટાળવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા પ્રતિ લીટર વધારો કરવો પડે તેવી સ્થિતિ થાય. જો કે ક્રૂડ ઓઈલના ભાવ ૮૫થી ૯૦ ડોલર વચ્ચે રહે છે. છતાં પ્રતિ લિટર ૩ રૂપિયાથી માંડીને ૭ રૂપિયાના વધારાની શક્યતા સેવાઈ રહી છે.

આજે ગુરુવારે ભારતીય બજારોમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકાના સિગ્નલ વિદેશના બજારોમાંથી મળી રહ્યા છે. અમેરિકાથી લઈને જાપાન સુધી દુનિયાભરના બજારોમાં હડકંપ છે. અમેરિકી સ્ટોક માર્કેટ બુધવારે રેડ ઝોનમાં બંધ થયા જ્યારે એશિયાઈ બજારોમાં પણ મોટાભાગે કડાકાનો માહોલ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ભલે યુદ્ધવિરામ લંબાયું હોય પરંતુ હોર્મુઝ સ્ટ્રેટ મુદ્દે હજુ પણ તણાવ યથાવત છે. ઈરાન હોર્મુઝ ખોલવા માટે તૈયાર નથી. જ્યારે અમેરિકા પણ નાકાબંધી પર મક્કમ છે. જેના પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં ફરીથી ઉછાળો છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ૧૦૦ ડોલર પાર કરી ગયું છે. જેના કારણે શેર બજારો દબાણમાં છે.

હાલ દેશમાં પાંચ રાજ્યોમાં ચૂંટણીનો માહોલ છે. તમિલનાડુમાં એક જ તબક્કામાં તમામ સીટો જ્યારે પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાનું મતદાન આજે છે. પુડુચેરી, અસમ અને કેરળમાં મતદાન હાલમાં જ પૂરું થયું છે અને પરિણામની રાહ જોવાઈ રહી છે.

---

NHAIએ જાહેર કરી એડવાઈઝરી

## FASTagના નામે છેતરપિંડી, એન્યુઅલ પાસ લેતાં પહેલા સાવધાન

### સાયબર સેન્ટરે નકલી વેબસાઈટ્સની ચોકસાઈ અંગે ચિંતા વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેશનલ હાઈવે ઑથોરિટી ઓફ ઈન્ડિયા(NHAI)એ ફાસ્ટેગ (FASTag) એન્યુઅલ પાસના નામે ચાલી રહેલા એક મોટા ફ્રોડ અંગે જાહેર જનતાને ચેતવણી આપી છે. આ કૌભાંડમાં ઠગ અસલી જેવી જ દેખાતી નકલી વેબસાઈટ્સ બનાવીને લોકોને છેતરી રહ્યા છે. આ નકલી પોર્ટલ્સ ગૂગલ સર્ચમાં ટોપ પર દેખાય તે માટે પેઈડ ઍડ્વર્ટાઈઝમેન્ટ અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે સામાન્ય યુઝર્સ આસાનીથી છેતરાઈ જાય છે. ઑથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે નાણાકીય નુકસાનથી બચવા માટે માત્ર વેરિફાઈડ ચેનલ્સનો જ ઉપયોગ કરવો જોઈએ.

આ છેતરપિંડીની પદ્ધતિ વિશે વિગતવાર જણાવતાં ઑથોરિટીએ કહ્યું કે, જ્યારે યુઝર્સ આવી નકલી વેબસાઈટ્સ પર જાય છે, ત્યારે તેમની પાસેથી મોબાઈલ નંબર, વાહનનો રજિસ્ટ્રેશન નંબર અને પેમેન્ટની વિગતો જેવી સંવેદનશીલ માહિતી માંગવામાં આવે છે. પેમેન્ટ કર્યા પછી પૈસા સીધા સ્કેમર્સના ખાતામાં જાય છે, પરંતુ યુઝરને કોઈ સત્તાવાર કન્ફર્મેશન મળતું નથી. ઘણીવાર યુઝર્સને નકલી રસીદ આપી દેવામાં આવે છે, જેની હાઈવે પર કોઈ માન્યતા હોતી નથી. ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે કે હવે અસલી અને નકલી વેબસાઈટ વચ્ચે તફાવત પારખવો મુશ્કેલ બની રહ્યો છે. આવા સાયબર ફ્રોડથી બચવા માટે NHAI એ કેટલીક મહત્ત્વની ઍડ્વાઈઝરી જારી કરી છે. યુઝર્સને સલાહ આપવામાં આવી છે કે ફાસ્ટેગ એન્યુઅલ પાસ જેવી સેવાઓ માટે હંમેશા સત્તાવાર 'Rajmargyatra' એપનો જ ઉપયોગ કરવો. આ ઉપરાંત, ઓનલાઈન સર્ચ કરતી વખતે સ્પોન્સર્ડ લિંક કે અજાણી જાહેરાતો પર ક્લિક કરવાનું ટાળવું જોઈએ. કોઈપણ ચૂકવણી કરતાં પહેલા વેબસાઈટનું URL બે વાર ચેક કરવું અને ક્યારેય પણ પોતાનો OTP, કાર્ડ ડિટેલ્સ કે લોગિન પાસવર્ડ કોઈની સાથે શેર ન કરવા. જો કોઈ વેબસાઈટ શંકાસ્પદ જણાય તો તરત જ તેને બંધ કરી દેવી હિતાવહ છે.

---

યુપી વિધાનસભા ચૂંટણીને લઈને નીતિન નવીનની જાહેરાત

## યુપીમાં યોગી આદિત્યનાથ જ હશે ભાજપનો ચહેરો

### નીતિન નવીને યોગી આદિત્યનાથના નામ પર મહોર મારતા ઉત્તર પ્રદેશમાં સત્તાની હેટ્રિક લગાવવાનો દાવો કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે અત્યારથી જ કમર કસી લીધી છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને સ્પષ્ટ કરી દીધું છે કે, વર્ષ ૨૦૨૭ની ચૂંટણી કોના નેતૃત્વમાં લડવામાં આવશે. એક ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં નીતિન નવીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નામ પર મહોર મારતા ઉત્તર પ્રદેશમાં સત્તાની હેટ્રિક લગાવવાનો દાવો કર્યો છે.

ચૂંટણીમાં મુખ્યમંત્રીના ચહેરા અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં નીતિન નવીને જણાવ્યું હતું કે, યોગી આદિત્યનાથ હાલમાં મુખ્યમંત્રી છે અને તેમના નેતૃત્વમાં જ સરકાર ચાલી રહી છે. તેથી નિશ્ચિતપણે તેઓ જ અમારો ચહેરો હશે. આ સાથે તેમણે ઉત્તરાખંડ માટે પણ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નામનો સંકેત આપ્યો હતો.

નીતિન નવીને યુપીના બદલાયેલા સ્વરૂપની ચર્ચા કરતાં કહ્યું કે, જે રાજ્ય પહેલા ગુનાખોરી અને ખંડણી માટે જાણીતું હતું, તે આજે તેની શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થા તથા એક્સપ્રેસવે માટે ઓળખાય છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન અન્ન યોજનાથી લઈને તમામ સરકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચી છે. ઉત્તર પ્રદેશ આજે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રોથ અને મોટા રોકાણોમાં દેશના અગ્રણી રાજ્યોમાં સામેલ છે. મુખ્યમંત્રી યોગીની સૌથી મોટી તાકાત લો ઍન્ડ ઑર્ડર છે જે જમીન પર દેખાઈ રહી છે.

નોંધનીય છે કે, ૨૦૧૭માં ભાજપ જ્યારે સત્તામાં પરત ફરી ત્યારે કોઈ ચહેરો જાહેર કરવામાં આવ્યો ન હતો. ૨૦૨૨માં પણ ચહેરાને લઈને અનેક અટકળો હતી. જોકે, આ વખતે ભાજપે ચૂંટણીના ઘણા સમય પહેલા જ યોગી આદિત્યનાથના નામની જાહેરાત કરીને તમામ વિવાદો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. સમાજવાદી પાર્ટીએ જ્યારે પશ્ચિમ યુપીથી મિશન-૨૦૨૭ની શરૂઆત કરી છે, ત્યારે ભાજપનો આ દાવ વિપક્ષો માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.




# તંત્રી લેખ......

## હોર્મુઝ સ્ટ્રેટ કટોકટીમાં ભારત માટે તકો

યુએસ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામનું વિસ્તરણ સૂચવે છે કે હોર્મુઝ સ્ટ્રેટનું ઉદઘાટન શક્ય છે. જો કે, જો આવું થાય તો પણ, પાછલા ક્રમમાં પાછા ફરવાની શક્યતા ઓછી લાગે છે. ઈરાન યુદ્ધ શરૂ થાય તે પહેલાં, ગલ્ફ ક્ષેત્રમાં દરિયાઈ પરિવહન વ્યવસ્થા નાજુક પાયા પર ટકી હતી.

૩૩ કિલોમીટર પહોળા આ સાંકડા જળમાર્ગ પરથી દરરોજ લગભગ ૧૩૦ જહાજો કોઈપણ અવરોધ વિના પસાર થતા હતા, પરંતુ હવે તે ધારણા તૂટી ગઈ છે. આર્થિક રીતે, આનો અર્થ એ છે કે હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલ્યા પછી પણ વીમા ખર્ચ ઊંચો રહી શકે છે. શિપિંગ કંપનીઓ આ માર્ગ પર નિર્ભરતા ઘટાડવા માટે તેમના માર્ગોનું ફરીથી સમયપત્રક બનાવી રહી છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ દેશો પણ એકસાથે તેમના ખાદ્ય અને ઉર્જા સુરક્ષા માળખાની સમીક્ષા કરી રહ્યા છે. આ માત્ર ભૂ-રાજકીય વિક્ષેપ નથી; તે વૈશ્વિક વેપાર માળખાનું પુનર્ગઠન પણ છે, જે માર્ગોનું પુનર્ગઠન, નાણાકીય પદ્ધતિઓ અને સંસ્થાકીય વ્યવસ્થાઓ છે જે ક્રોસ-બોર્ડર માલ વેપાર કેવી રીતે કાર્ય કરે છે તેનું સંચાલન કરે છે.

ભારત આ ઉભરતા પરિદૃશ્યમાં વિશિષ્ટ રીતે સ્થાન ધરાવે છે. દાયકાઓથી, ભારતને મુખ્યત્વે ઊર્જા-આધારિત અર્થતંત્ર તરીકે જોવામાં આવે છે, જે ગલ્ફ ક્ષેત્રમાંથી તેલ અને ગેસ પર ભારે નિર્ભર છે.

હોર્મુઝ કટોકટીએ એ હકીકતને પણ પ્રકાશિત કરી છે કે ભારત માત્ર ખરીદનાર નથી પણ એક મહત્વપૂર્ણ સપ્લાયર પણ છે, ખાસ કરીને ખાદ્ય અને આવશ્યક ચીજવસ્તુઓના ક્ષેત્રમાં. આ શક્તિ સંતુલનમાં એક સૂક્ષ્મ પરંતુ નોંધપાત્ર પરિવર્તન છે.

ભારતની તાકાત એક સાથે અનેક સંબંધોનું સંચાલન કરવાની તેની ક્ષમતામાં રહેલી છે. જ્યારે તેના ઈરાન સાથે વ્યૂહાત્મક સંબંધો છે, ત્યારે તે સંયુક્ત આરબ અમીરાત સાથે પણ તેના સંબંધોને ગાઢ બનાવી રહ્યું છે. સાઉદી અરેબિયા, કુવૈત અને કતાર સાથેના તેના ઊર્જા સંબંધો આ ક્ષેત્રમાં તેની કેન્દ્રીય ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે. ફક્ત યુએઈમાં, ૪.૩ મિલિયનથી વધુ ભારતીય પ્રવાસી સમુદાય અપ્રતિમ આર્થિક, સામાજિક અને વ્યવસાયિક સંબંધો બનાવે છે.

ભારત અને યુએઈ વચ્ચે વેપાર હવે સ્થાનિક ચલણોઃ રૂપિયા અને દિરહામ દ્વારા શક્ય છે, જે યુએસ ડોલરને બદલે છે. આ ચલણના વધઘટ અને ભૂ-રાજકીય નાણાકીય જોખમોની અસર ઘટાડે છે. કટોકટીના સમયમાં આવી સુવિધા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. હોર્મુઝ કટોકટીએ ગલ્ફ ક્ષેત્રની ખાદ્ય પુરવઠા શૃંખલાઓની નબળાઈઓને ઉજાગર કરી છે. દાયકાઓથી, સ્થિતિસ્થાપકતા પ્રાથમિકતા નહોતી, પરંતુ આજે, પ્રાથમિકતા નિર્ણાયક રીતે બદલાઈ ગઈ છે. ગલ્ફ અર્થતંત્રો હવે ફક્ત સૌથી સસ્તા સપ્લાયરની શોધમાં નથી, પરંતુ સૌથી વિશ્વસનીય ભાગીદારને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ તે સ્થાન છે જ્યાં ભારતની ભૂમિકા નિર્ણાયક બની જાય છે. આ કટોકટી નવી સપ્લાય ચેઈનના વિકાસ માટે પરિસ્થિતિઓ પણ બનાવી રહી છે. આ સંભવિત શૃંખલામાં, ભારત ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી આવશે, જ્યારે ગલ્ફ ક્ષેત્ર લોજિસ્ટિક્સ હબ અને વિતરણ કેન્દ્ર તરીકે ઉભરી આવશે. આનાથી સમગ્ર સપ્લાય ચેઈનનું પુનર્ગઠન થશે, જેમાં લવચીકતા અને વૈકલ્પિક વ્યવસ્થાઓનો સમાવેશ થશે. વર્તમાન પરિસ્થિતિ ખોરાક, દવાઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની વિશાળ માંગ પેદા કરશે. ભારત આ માંગને પૂર્ણ કરવા સક્ષમ થોડા દેશોમાંનો એક છે. આનાથી ભારતના સ્થાનિક અર્થતંત્ર પર પણ અસર પડશે. દેશમાં પહેલાથી જ જરૂરી સંસ્થાકીય અને ઉત્પાદન ક્ષમતા છે. આપણું કૃષિ-પ્રક્રિયા ક્ષેત્ર, નિકાસ પ્રમાણપત્ર પ્રણાલી, વેરહાઉસ ફાઈનાન્સિંગ મિકેનિઝમ્સ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોનું વ્યાપક નેટવર્ક મજબૂત પાયો પૂરો પાડે છે. ભારતમાં ક્યારેય ક્ષમતાઓનો અભાવ રહ્યો નથી, પરંતુ તેઓ અપેક્ષા મુજબ સંકલિત થઈ શક્યા નથી. આ દિશામાં પ્રયાસો હવે ઉપયોગી થઈ શકે છે. વર્તમાન કટોકટી પણ એક તક પૂરી પાડે છે. ગલ્ફ દેશો હાલમાં લાંબા ગાળાના અને વિશ્વસનીય સપ્લાય ભાગીદારો શોધી રહ્યા છે. ભારત તેમની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ છે.

## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી–આસનસોલ સમર સ્પેશલ ટ્રેનનું સંચાલન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૯૪૩૫/૦૯૪૩૬ સાબરમતી–આસનસોલ–સાબરમતી સમર સ્પેશલ ટ્રેન (વિશેષ ભાડા સાથે) ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગત નીચે મુજબ છેઃ

- ટ્રેન સંખ્યા ૦૯૪૩૫ સાબરમતી–આસનસોલ સમર સ્પેશલ ટ્રેન તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાબરમતીથી ૨૨:૫૫ વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે ૧૪:૩૦ વાગ્યે આસનસોલ પહોંચશે.
- તે જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૩૬ આસનસોલ–સાબરમતી સમર સ્પેશલ ટ્રેન તારીખ ૦૧ મે ૨૦૨૬ના રોજ આસનસોલથી ૧૬:૧૫ વાગ્યે પ્રસ્થાન કરી ત્રીજા દિવસે ૦૭:૧૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરિ, પ્રયાગરાજ જંક્શન, દિનદયાલ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, ગયા જંક્શન, કોડરમા અને ધનબાદ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી -૩ ટિયર(હમસફર) શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૩૫ સાબરમતી–આસનસોલ સમર સ્પેશલ માટે બુકિંગ તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય જાણકારી માટે **www. enquiry. indianrail. gov.in** ની મુલાકાત લો.

## ઈરાન યુદ્ધની ભારત પર માઠી અસર! બમણા ભાવે ૨૫ લાખ ટન યુરિયા ખરીદ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મીડિલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની અસર હવે ભારતના કૃષિ ક્ષેત્ર પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ખાતરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારત એક જ ટેન્ડરમાં રેકોર્ડ ૨૫ લાખ મેટ્રિક ટન યુરિયા આયાત કરવા જઈ રહ્યું છે. જોકે, ચિંતાની વાત એ છે કે માત્ર બે મહિનાના ગાળામાં આંતરરાષ્ટ્રીય બજારમાં યુરિયાની કિંમતો લગભગ બમણી થઈ ગઈ છે. અહેવાલો અનુસાર, ઈન્ડિયન પોટાશ લિમિટેડ **(IPL)**એ આ ખરીદી માટેની ડીલ ફાઈનલ કરી છે. અગાઉના ટેન્ડરમાં પશ્ચિમ કિનારા માટે યુરિયા અંદાજે ૫૦૮ ડૉલર પ્રતિ ટન હતું, જે હવે વધીને ૯૩૫ ડૉલર પ્રતિ ટન થઈ ગયું છે. તેવી જ રીતે, પૂર્વ કિનારા માટે જે ભાવ ૫૧૨ ડૉલર હતો, તે હવે ૯૫૯ ડૉલર પ્રતિ ટન પર પહોંચી ગયો છે. આમ, વૈશ્વિક તંગદિલીને કારણે ભારતે લગભગ બમણા ભાવ ચૂકવવા પડી રહ્યા છે. ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા આયાતકાર દેશ છે.

### દિલ્હીમાં હચમચાવી દેતી ઘટના

# IRS અધિકારીની IIT ગ્રેજ્યુએટ દીકરી પર દુષ્કર્મ બાદ મોબાઈલ ચાર્જરથી હત્યા

### પોલીસના જણાવ્યા મુજબ આરોપીની પૂછપરછ કરતી વખતે અધિકારીઓ પણ તેની ક્રૂરતા સાંભળીને ચોંકી ઉઠ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના અમર કોલોની વિસ્તારમાં એક સિનિયર **IRS** અધિકારીની દીકરીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી રાહુલ મીણાની પૂછપરછમાં ચોંકાવનારા અને રૂંવાડા ઉભા કરી દે તેવા ખુલાસા થયા છે. ૨૨ એપ્રિલના રોજ દ્વારકાથી ઝડપાયેલા આ નરાધમે પોલીસ સામે કબૂલાત કરી છે કે તેણે કેવી રીતે આખી યોજના બનાવીને આ દરિંદગીને અંજામ આપ્યો હતો.

આરોપી રાહુલ આ પરિવારની ગતિવિધિઓથી પૂરેપૂરો વાકેફ હતો. તેને ખબર હતી કે, યુવતીના માતા-પિતા સવારે જિમ જાય છે અને ઘરમાં કયા લોક કેવી રીતે ખુલે છે. ૨૧મી એપ્રિલે રાજસ્થાનના અલવરમાં એક પરિણીત મહિલા પર બળાત્કાર ગુજારીને ભાગેલો રાહુલ ૨૨ મીએ સવારે દિલ્હી પહોંચ્યો હતો. તે સીધો જ ઘરની છત પર આવેલા યુવતીના સ્ટડી રૂમમાં ઘુસી ગયો હતો.

૧૨માં ધોરણમાં ઓલ ઈન્ડિયા ટોપર રહેલી અને હાલ યુપીએસસી **(UPSC)**ની તૈયારી કરી રહેલી દીકરી સવારે વહેલા ઉઠીને અભ્યાસ કરી રહી હતી. રાહુલે રૂમમાં ઘુસીને તેનું ગળું દબાવવાની કોશિશ કરી. જ્યારે યુવતીએ પ્રતિકાર કર્યો, ત્યારે રાહુલે પાસે પડેલા લેમ્પ અને ભારે વસ્તુથી તેના માથા પર હુમલો કર્યો. હુમલાને કારણે યુવતી લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગઈ હતી. નરાધમની દરિંદગી અહીં જ ન અટકી. બેભાન હાલતમાં રહેલી યુવતી પર તેણે બળાત્કાર ગુજાર્યો અને ત્યારબાદ મોબાઈલ ચાર્જરના કેબલથી તેનું ગળું દબાવીને હત્યા કરી નાખી. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીની પૂછપરછ કરતી વખતે અધિકારીઓ પણ તેની ક્રૂરતા સાંભળીને ચોંકી ઉઠ્યા હતા. હત્યા બાદ રાહુલે ઘરમાં લૂંટ ચલાવવાની યોજના બનાવી હતી. ઘરનું લોકર થમ્બ ઈમ્પ્રેશનથી ખૂલતું હોવાથી, રાહુલ આ મૃત યુવતીની લાશને ઉપરના સ્ટડી રૂમમાંથી ઘસડીને નીચેના રૂમ સુધી લાવ્યો. લોહીથી લથબથ યુવતીની આંગળી લોકર પર લગાવી, પરંતુ લોહી જામી જવાને કારણે કે બ્લડ સર્ક્યુલેશન બંધ થવાને કારણે લોકર ખુલ્યું નહીં. આખરે તેણે સ્ક્રુ ડ્રાઈવરની મદદથી લોકર તોડ્યું અને રોકડ તથા દાગીના બેગમાં ભરી લીધા. લૂંટ અને હત્યા બાદ તેના કપડાં પર લોહીના ડાઘા લાગ્યા હતા, તેથી તેણે ઘરમાં જ પડેલા યુવતીના ભાઈના પેન્ટ અને ચપ્પલ પહેરી લીધા અને પોતાના કપડાં ત્યાં જ છોડીને ફરાર થઈ ગયો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ મીણા ઓનલાઈન ગેમ ૩ પત્તી રમવાનો શોખીન હતો. આ રમત દ્વારા પૈસા કમાતો હતો. તે ગેમમાંથી જીતેલા પૈસાથી દેહવિક્રય કરતી યુવતીઓ સાથે સંબંધ રાખતો હતો. આ વિકૃતિએ તેને એટલો હિંસક બનાવી દીધો હતો કે, દિલ્હીમાં આ ઘટનાને અંજામ આપ્યાના એક દિવસ પહેલા જ તેણે અલવરમાં એક મહિલા સાથે પણ ક્રુરતા આચરી હતી. મૃતક યુવતી ભણવામાં અત્યંત તેજસ્વી હતી. તેના માતા-પિતાએ જ તેને સવારે વહેલા ઉઠીને વાંચવાની સલાહ આપી હતી અને તેના અભ્યાસના પ્રથમ દિવસે જ આ દુર્ઘટના ઘટી. હાલ પોલીસ રાહુલને રિમાન્ડ પર લઈને ઘટનાસ્થળે લઈ જવાની અને અન્ય પુરાવા એકઠા કરવાની પ્રક્રિયા કરી રહી છે.

### સરહદી જિલ્લાઓમાં ફરી સાયરન વાગશે!

# ભારતના ૨ રાજ્યોમાં સિવિલ ડિફેન્સ મોકડ્રિલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની પશ્ચિમી સરહદો પર ફરી એકવાર સૈન્ય અને વહીવટીતંત્ર દ્વારા મોટા પાયે સિવિલ ડિફેન્સ મોકડ્રિલ કરવામાં આવી રહી છે. પંજાબ અને જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારોમાં મોટા પાયે બ્લેકઆઉટ અને એર રેડ જેવી સ્થિતિનો સામનો કરવા માટે મૉક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહલગામમાં થયેલા ભીષણ આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. આ પ્રસંગે ભારતીય સેનાએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર યથાવત છે. સેનાએ સ્પષ્ટ કર્યું છે કે ભારત વિરુદ્ધ કરાયેલા કોઈપણ કૃત્યનો હિસાબ ચોક્કસપણે લેવામાં આવશે.

પંજાબ (૨૪ એપ્રિલ): રાજ્યના તમામ જિલ્લાઓમાં રાત્રે ૮ વાગ્યે હાઈ-લો પિચ સાયરન વગાડવામાં આવશે અને નિર્ધારિત વિસ્તારોમાં સંપૂર્ણ બ્લેકઆઉટ કરવામાં આવશે. લુધિયાણા અને ફરીદકોટ જેવા શહેરોમાં **NDRF** અને પોલીસ દ્વારા બચાવ કામગીરીનું રિહર્સલ કરાશે.

જમ્મુ-કાશ્મીર: કિશ્તવાડમાં ૨૩ એપ્રિલે ડેપ્યુટી કમિશનરના નેતૃત્વમાં એર રેડ ડ્રિલ યોજાઈ હતી. રામબનમાં **CRPF** દ્વારા નેશનલ હાઈવે પર મુસાફરોની સુરક્ષા માટે ખાસ મોક ડ્રિલ કરવામાં આવી હતી. ગયા વર્ષે ૭ મે ૨૦૨૫ના રોજ જ્યારે ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું, તે પહેલા પણ સરહદી વિસ્તારોમાં આ જ પ્રકારની મૉક ડ્રિલ કરવામાં આવી હતી. તે સમયે ભારતે **PoJK** માં ઘૂસીને ૯ આતંકી લોન્ચપેડ્સ તબાહ કર્યા હતા અને પાકિસ્તાનના ૯ એરબેઝને નુકસાન પહોંચાડ્યું હતું.

### દિવ્યાંગો અને મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા

# વડોદરા શહેરમાં પીએમ યોજનાની સાત ઈ-બસનું આગમન થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા



વડોદરા શહેરમાં પીએમ ઈ-બસનું આગમન થતાં ખુશીનો માહોલ વ્યાપ્યો હતો. આ સેવા આગામી દિવસોમાં શરૂ થતા પ્રદૂષણ ચોક્કસપણે ઘટશે. વડોદરામાં હાલ પ્રાથમિક તબક્કે ૭ પીએમ ઈ-બસનું ગોત્રી ખાતે આવેલા ઈ ચાર્જિંગ સ્ટેશને આગમન થયું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકા તંત્ર દ્વારા શહેરમાં લોક સુવિધા માટે અને પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. પાલિકા તંત્ર દ્વારા આ અંગે અગાઉ જાહેરાત પણ કરવા કરાઈ હતી. દરમિયાન પીએમ-ઈ બસ સેવા શહેરમાં હવે ટૂંક સમયમાં શરૂ કરાશે. હાલમાં વડોદરા ખાતે કુલ ૭ પીએમ-ઈબસનું આગમન થયું છે. પ્રાથમિક તબક્કે આવેલી કુલ ૭ ઈ-બસ ગોત્રી ખાતે આવેલા ઈ-ચાર્જિંગ સ્ટેશન ખાતે રાખવામાં આવી છે. આ એ બસમાં દિવ્યાંગો અને મહિલાઓ માટે અલાયદી ખાસ સુવિધા રાખવામાં આવી છે. ઈ બસ રોડ રસ્તા પર દોડતી થવાના કારણે શહેરના પ્રદૂષણમાં ચોક્કસ ઘટાડો થશે.વડોદરા ખાતે આવી પહોંચેલી પીએમ ઈ બસ અંતર્ગત ૭ ઈ-બસના પ્રત્યક્ષ નિરીક્ષણ માટે વડોદરા મહાનગર પાલિકાના કમિશનર અરુણ મહેશબાબુ ગોત્રી સ્થિત ચાર્જિંગ સ્ટેશનની મુલાકાતે પહોંચી ઈ-બસની સુવિધા જોઈને ખુશી વ્યક્ત કરી હતી.

### પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા

# નિકોલમાં હોન્ડાના ગોડાઉનમાંથી ૩૧ એક્ટિવા ચોરીનો ભેદ ઉકેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા હોન્ડા શોરૂમના ગોડાઉનમાંથી ચાવી સાથેના ૩૧ એક્ટિવા ચોરાવાની સનસનાટીભરી ઘટનામાં નિકોલ પોલીસે ગણતરીના કલાકોમાં સફળતા મેળવી છે. રૂ. ૨૩.૨૫ લાખની કિંમતના વાહનોની ચોરી કરનાર ગેંગને પોલીસે મુદ્દામાલ સાથે દબોચી લીધી છે.

નિકોલના અક્ષર કોમ્પ્લેક્સમાં આવેલા સિંગલ ઓટો મોટીવ પ્રા. લિ. નામના હોન્ડાના શોરૂમમાં ગત ૧ જાન્યુઆરીએ ૧૨૦૦ એક્ટિવાનો સ્ટોક હતો. જોકે, ૧ એપ્રિલના રોજ જ્યારે સ્ટોકની ગણતરી કરવામાં આવી ત્યારે ૩૧ એક્ટિવા ઓછા જણાયા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, ગોડાઉનમાં ગાડીઓમાં ચાવીઓ લગાડેલી જ રહેતી હોવાથી કોઈ જાણભેદુ વ્યક્તિ તક જોઈને એક પછી એક ૩૧ વાહનો હંકારી ગયો હતો. ગઈકાલે મેનેજર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ બાદ નિકોલ પોલીસે **DCP** ઝોન-૫ ના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી હતી. પોલીસે ગોડાઉન અને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસતા કેટલીક શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી.

પોલીસે આરોપીઓની પૂછપરછ કરીને ચોરી થયેલા એક્ટિવા ક્યાં છુપાવ્યા હતા અથવા કોને વેચ્યા હતા તેની વિગતો મેળવીને મોટાભાગનો મુદ્દામાલ રિકવર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આરોપીઓએ ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન કઈ રીતે નજર ચૂકવીને આટલી મોટી સંખ્યામાં વાહનોની ઉઠાંતરી કરી તેની પણ ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. આ કેસના પર્દાફાશથી શોરૂમ સંચાલકોમાં રાહતની લાગણી પ્રસરી છે, તો બીજી તરફ પોલીસે વેપારીઓને પોતાના ગોડાઉન અને સ્ટોકની સુરક્ષા બાબતે વધુ સાવચેત રહેવા અપીલ કરી છે.ડૉ. જીતેન્દ્ર અગ્રવાલ (**DCP** ઝોન-૫, અમદાવાદ)એ આ મામલે જણાવ્યું કે, "અમદાવાદ શહેરના ઝોન-૫ વિસ્તારમાં ખાસ કરીને જે નિકોલ, ઓઢવ અને આજુબાજુના જે વિસ્તારો છે ત્યાં છેલ્લા કેટલાક સમયથી જે ઘરફોડ ચોરીઓના બનાવો બનતા હતા, એના અનુસંધાને આખી જે અમારી ટીમ છે - જેમાં નિકોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. ઝાલા અને એમની સર્વેલન્સની ટીમ, તથા એસીપી એસ.ડી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આખી ટીમ આના પાછળ કાર્યરત હતી.

એમાં ટેકનિકલ સોર્સીસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે અમને એક ચોક્કસ માહિતી મળી હતી કે, આમાં એક ચોક્કસ ગેંગ છે જે આ પ્રકારે ચોરીઓ કરે છે. આ ગેંગના જે મુખ્ય સાગરીતો છે એની અમે અટકાયત કરી છે. જેમાં મુખ્યત્વે જે આરોપી છે એનું નામ વિજય ઉર્ફે મામો છે. આ વિજય ઉર્ફે મામો એ અગાઉ પણ અનેક ગુનાઓમાં પકડાયેલો છે અને એની સાથે એના બીજા ત્રણ સાગરીતો પણ પકડાયા છે." આ ગેંગની મોડસ ઓપરેન્ડી વિશે જણાવતા તેમણે કહ્યું કે, "આ લોકો ખાસ કરીને દિવસના સમયે રેકી કરતા હતા. જે મકાનો બંધ હોય અથવા જ્યાં લોકો બહાર ગયા હોય, એવા મકાનોને ટાર્ગેટ કરતા હતા. રાત્રિના સમયે આ લોકો બાઈક પર નીકળતા અને જે મકાનનું તાળું તોડવું સરળ હોય અથવા જે સોસાયટીમાં સિક્યુરિટી ઓછી હોય ત્યાં આ લોકો ત્રાટકતા હતા. તેમની પાસે ઘરફોડ ચોરી કરવા માટેના ખાસ સાધનો પણ મળી આવ્યા છે. અત્યાર સુધીની પૂછપરછમાં આ ગેંગે નિકોલ અને ઓઢવ વિસ્તારના અંદાજે ૭ થી ૮ જેટલા ગુનાઓની કબૂલાત કરી છે. તેમની પાસેથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને ચોરીમાં વપરાયેલા વાહનો જેની અંદાજિત કિંમત લાખોમાં થાય છે, તે રિકવર કરવામાં આવી છે.

આ વિજય ઉર્ફે મામો એટલો રીઢો ગુનેગાર છે કે તે અગાઉ પણ જેલ જઈ આવ્યો છે અને પાસા **(PASA)** હેઠળ પણ તેની અટકાયત થયેલી છે. હાલમાં અમે આ તમામ આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે જેથી અન્ય કેટલા ગુનાઓમાં તેમની સંડોવણી છે તે જાણી શકાય."

### ૭૦ પોલીસકર્મીનું દિલધડક ઓપરેશન

# ૩ વર્ષની અપહૃત બાળકી ૩૬ કલાકમાં રતલામથી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાંથી અપહરણ કરાયેલી માત્ર ત્રણ વર્ષની નિર્દોષ બાળકીના કેસમાં સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે પ્રશંસનીય કામગીરી કરી છે. "ઓપરેશન મુસ્કાન" હેઠળ માત્ર ૩૬ કલાકના નોનસ્ટોપ ઓપરેશન દ્વારા બાળકીને મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના બાજના ગામમાંથી સલામત શોધી કાઢવામાં આવી છે. આ સમગ્ર કામગીરીમાં પોલીસની ત્વરિત કામગીરી, ટેકનિકલ સર્વેલન્સ અને માનવ ઈન્ટેલિજન્સનું ઉત્તમ સંકલન જોવા મળ્યું. ૨૦-૨૧ તારીખની રાત્રે કાપોદ્રા વિસ્તારના નાના વરાછા ઢાળ પાસે આવેલા જાહેર શૌચાલયની બાજુમાં બ્રિજ નીચે સૂઈ રહેલી માતા પાસેથી અજાણ્યા વ્યક્તિએ ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કર્યું હતું. બાળકીના માતા-પિતા મૂળ દેવભૂમિ દ્વારકાના મીઠાપુર તાલુકાના આવળપરા ગામના રહેવાસી છે. પારિવારિક ઝઘડાને કારણે માતા બાળકીને લઈને સુરત આવી હતી અને અહીં મજૂરી કરીને જીવન નિર્વાહ કરતી હતી. આ બનાવ અંગે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૩૭(૨) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવવામાં આવી. કુલ ૭૦ પોલીસકર્મીઓની ૫ ટીમ બનાવી સમગ્ર કેસ પર કામ શરૂ કરાયું. સીસીટીવી ફૂટેજના આધારે મહત્વપૂર્ણ કડી મળી, જેમાં અપહરણકર્તા બાળકી સાથે સુરત રેલવે સ્ટેશન તરફ જતો અને ત્યાંથી દૌન્ડ એક્સપ્રેસમાં ઈન્દોર તરફ જતો જોવા મળ્યો હતો.

સુરતથી ઈન્દોર સુધીના ૧૦થી વધુ રેલવે સ્ટેશનો પર **RPF** અને **GRP** ની મદદથી તપાસ હાથ ધરવામાં આવી. દરેક ટીમને બે-બે સ્ટેશનોની જવાબદારી સોંપવામાં આવી હતી. રતલામ રેલવે સ્ટેશન પર તપાસ દરમિયાન **CCTV**માં આરોપી બાળકીને લઈને બહાર નીકળતો દેખાયો હતો. ત્યારબાદ તે પેસેન્જર ટેમ્પો અને પછી બસ દ્વારા બાજના ગામ તરફ જતો હોવાનું જાણવા મળ્યું હતું.

બાજના ગામે પહોંચ્યા બાદ ત્યાં **CCTV** ન હોવાથી પોલીસે સ્થાનિક લોકોની મદદ લીધી હતી. એક જાગૃત મહિલા શાકભાજી વેચાણકર્તાએ મહત્વપૂર્ણ માહિતી આપી કે એક અજાણ્યો વ્યક્તિ બાળકીને અહીં છોડી ગયો હતો અને તે અંગે સ્થાનિક પોલીસને જાણ પણ કરવામાં આવી હતી.

## પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કાર્યને કારણે ટ્રેનોનું શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન

મુસાફરોની સુવિધા અને રેલવે અવસંરચનાને સુદ્રઢ કરવાના ઉદ્દેશ્યથી પૂર્વ તટ રેલવે દ્વારા ખુરદા રોડ મંડળ હેઠળ પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્ય હેઠળ સ્ટેશન યાર્ડમાં બેલેસ્ટલેસ ટ્રેક બિછાવવા તથા પ્લેટફોર્મ સંખ્યા ૭ અને ૮ના નિર્માણ માટે આશરે ૬૦ દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે. આને કારણે

- ટ્રેન સંખ્યા ૧૨૯૯૩ ગાંધીધામ–પુરી એક્સપ્રેસને તા. ૨૪ એપ્રિલ, ૦૧ અને ૦૮ મે ૨૦૨૬ના રોજ તથા ટ્રેન સંખ્યા ૧૨૯૯૪ પુરિ–ગાંધીધામ એક્સપ્રેસને તા. ૨૭ એપ્રિલ, ૦૪ અને ૧૧ મે ૨૦૨૬ના રોજ સાક્ષીગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે.
- ટ્રેન સંખ્યા ૨૨૯૭૩ ગાંધીધામ–પૂરી એક્સપ્રેસને તા. ૨૯ એપ્રિલ, ૦૬ અને ૧૩ મે ૨૦૨૬ના રોજ તથા ટ્રેન સંખ્યા ૨૨૯૭૪ પુરી–ગાંધીધામ એક્સપ્રેસને તા. ૨૫ એપ્રિલ, ૦૨, ૦૯ અને ૧૬ મે ૨૦૨૬ના રોજ સાક્ષીગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે કૃપા કરીને **www. enquiry.indianrail.gov.in** ની મુલાકાત લો.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૩/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૫૧ | ૪૨૭.૦૦ | ૫૬૧.૦૦ |
| ૨ | એરંડા | ૫૬૦ | ૧,૨૫૩.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૯૦.૦૦ |
| ૫ | મકાઇ | ૬૯૦ | ૩૨૯.૦૦ | ૪૨૧.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૬૦ | ૧,૫૧૯.૦૦ | ૧,૫૯૦.૦૦ |
| ૭ | ચણા | ૦ | ૯૮૦.૦૦ | ૧,૦૪૪.૦૦ |
| ૮ | તમાકુ | ૧૧૯૦ | ૧,૩૮૦.૦૦ | ૨,૨૨૫.૦૦ |
| ૯ | તમાકુ (ગારીયુ) | ૧૦૨૮ | ૯૫૦.૦૦ | ૧,૩૧૦.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૩૫ | ૯૮૦.૦૦ | ૧,૦૯૧.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૬૪૨ અને ચાંદીના વાયદામાં રૂ.૬૦૮૩ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૯૩ની વૃદ્ધિ


## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૦૫.૧૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૨૯૭૩૩.૯૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૨૭૧.૧૭ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૬૬૩૯.૧૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૯૦૫.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૨૯૭૩૩.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૨૯.૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૨૭૧.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૦૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૫૪૩ અને નીચામાં રૂ.૧૫૧૪૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૬૫૭ના આગલા બંધ સામે રૂ.૬૪૨ ઘટી રૂ.૧૫૨૦૧૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૬૧ ઘટી રૂ.૧૨૧૪૨૪ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૬ ઘટી રૂ.૧૫૨૨૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૮ ઘટી રૂ.૧૫૦૫૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૬૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૨૧૧ અને નીચામાં રૂ.૧૫૦૧૨૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૧૩૯૦ના આગલા બંધ સામે રૂ.૬૪૩ ઘટી રૂ.૧૫૦૭૪૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૫૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૪૭૩૦ અને નીચામાં રૂ.૨૩૯૬૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૪૮૩૬૪ના આગલા બંધ સામે રૂ.૬૦૮૩ ઘટી રૂ.૨૪૨૨૮૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૫૯૩૭ ઘટી રૂ.૨૪૪૪૦૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૫૯૩૫ ઘટી રૂ.૨૪૪૪૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૯૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૫.૫૫ ઘટી રૂ.૧૨૭૭.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો ૭૫ પૈસા ઘટી રૂ.૩૪૮.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૩૫ પૈસા ઘટી રૂ.૩૭૨.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૧૯૬.૩૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૯૨૬.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૮ અને નીચામાં રૂ.૪૯૭૧ના મથાળે અથડાઈ, રૂ.૭ વધી રૂ.૪૯૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૮૭૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૦૨૬ અને નીચામાં રૂ.૮૭૯૧ના સ્તરને સ્પર્શી, રૂ.૮૭૨૩ના આગલા બંધ સામે રૂ.૯૩ વધી રૂ.૮૮૧૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૯૩ વધી રૂ.૮૮૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ ૭૦ પૈસા વધી રૂ.૨૫૬.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૮૦ પૈસા વધી રૂ.૨૫૬.૩ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૯૮ના ભાવે ખૂલી, ૬૦ પૈસા ઘટી રૂ.૯૯૯.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૭૫૦ ઘટી રૂ.૨૮૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૮૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ વધી રૂ.૨૮૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૬૨૦.૬૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૬૫૦.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૫૨૦.૨૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૪.૩૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧.૦૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૬.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૪૫.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૫.૯૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૯૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૮૨૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૨૦૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૯૧૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૯૨૯૯૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૫૬૭૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૧૮૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૬૫૨૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૦૫૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૦૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૬૩૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૫૪૬ લોટના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૯ વધી રૂ.૬૬૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ ઘટી રૂ.૦.૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૭ ઘટી રૂ.૮૧૭ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૪૧ ઘટી રૂ.૭૦૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૯૯ ઘટી રૂ.૨.૮૪ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૭ પૈસા વધી રૂ.૩.૩ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૪ વધી રૂ.૬૭૩.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૨.૨ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫.૫ ઘટી રૂ.૩૪૦.૫ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૫૪ ઘટી રૂ.૧૩૯૧૭ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫.૨ ઘટી રૂ.૩૬૭.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૫ ઘટી રૂ.૧.૦૫ થયો હતો. સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૪૦૦.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮.૫ વધી રૂ.૨૮૮.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૩ ઘટી રૂ.૦.૯૭ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૮ પૈસા ઘટી રૂ.૦.૦૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૭ ઘટી રૂ.૮૩૯.૪ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૧.૧ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪.૫ વધી રૂ.૧૩૦૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૧૫ વધી રૂ.૧૩૦૫૯.૫ના ભાવે બોલાયો હતો.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના રાજકીય ગરમાવા વચ્ચે એસટી યુનિયનોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ ગરમાયો છે. આગામી તારીખ ૨૬ એપ્રિલ ને રવિવારે સમગ્ર રાજયભરમાં મતદાન થનાર છે. બરોબર ત્યારે જ રાજય કક્ષાના એસ ટી કર્મચારીઓના ત્રણેય યુનિયનોએ પણ નિગમમાં ક્રમશઃ થઈ રહેલા ખાનગીકરણ સામે આંદોલનનો માર્ગ અપનાવતા ગરમાવો વધ્યો છે.



આ અંગે એસ ટી યુનિયનોના હોદ્દેદારોના જણાવ્યા મુજબ ગઈ તારીખ ૧૮ એપ્રિલના રોજ નિગમના એમ ડી, સચિવ, જનરલ મેનેજર, પીએ ટુ ચેરમેન, સીટીસીએમ સાથે એસ ટી કર્મચારીઓના ત્રણેય યુનિયનના અધ્યક્ષ અને મહામંત્રીની બેઠક ખાનગીકરણ બાબતે મળી હતી. પરંતુ આ બેઠકનો યુનિયનોએ સખત વિરોધ દર્શાવ્યો હતો અને બેઠક અધવચ્ચે જ છોડી દીધી હતી. યુનિયનના હોદ્દેદારોના જણાવ્યા મુજબ સરકાર એસ ટી માં સતત ખાનગીકરણ કરવા હરણફાળ ભરી રહી છે. જેમાં નવી ભરતીમાં ૨ હજાર ડ્રાઈવર, ૨ હજાર કંડકટર પ્રાઈવેટ કંપનીના ભરવા સરકારનો ઈરાદો છે.

હોદ્દેદારોએ જણાવ્યુ હતુ કે એસ ટી નિગમમાં હાલ ૨૫૦ વાહનો ખાનગી પેઢીના ચાલે છે. જેમાં આદિનાથ બલ્ક ની એસી ગાડી, ચાર્ટડ ટ્રાવેલ્સની ૨૦ ગાડી, દિવ્યા ટ્રાવેલ્સની ૭૦ ગાડી, શ્રીનાથ ટ્રાવેલ્સની ૩૦ ગાડી, ઈવે ટ્રાવેલ્સની ૫૦ ગાડીનુ એસ ટી માં સંચાલન થઈ રહ્યુ છે. જેમાં એક મહિનાનુ ૧૩ કરોડથી ઉપરનુ એસટી ચુકવણુ કરે છે. એસ ટી ના કાર્મચારી રાત દિવસની મહેનત કરે છે અને મલાઈ ખાનગી ટ્રાવેલ્સવાળા ખાય છે. સરકારના એજન્ટના રૂપમાં કામ કરતા અધિકારીઓને એસ ટી ના કર્મચારીઓ હવે ઓળખતા થયા છે. વધુમાં યુનિયનના હોદ્દેદારોએ જણાવ્યુ હતુ કે ટુંક સમયમાં ૫૦૦ એસી અને ૫૦૦ મીનીબસનુ ટેન્ડર પ્રોસેસમાં છે.

એવુ ધ્યાનમાં આવેલ છે, ૧૦૦ એસી લકઝરી, ૧૦૦ એસી સ્લીપર ખાનગી બસો આવી રહી છે, વિચાર કરો એસ ટી નુ એશિયામાં મોટામાં મોટુ નરોડા વર્કશોપમાં કર્મચારીને બોડીનુ કામ અપાતુ નથી, પાર્સલ સેવા, જીપીએસ, હાઈવે હોટલ, આઉટસોર્સિંગ સફાઈ, પ્રાઈવેટ સીકયુરીટી, ગાડીઓના રીપેરીંગના કામના કોન્ટ્રાકટર, કરાર આધારીત આઉટ સોર્સિંગ સ્ટાફ ત્યારે હવે એવુ લાગે છે કે એસ ટી તરફની સરકારની નજરમાં ઘણો જ બદલાવ આવી ગયો છે.

આ ખાનગીકરણથી એસટીમાં થી મોટાપાયે કમાણીનુ સાધન કરી ગુજરાતની જનતાને ગામડાઓની મળતી સુવિધા સમયાંતરે સમાપ્ત થશે. આ બાબતે યુનિયનોએ વિચાર કરી પબ્લીક હીત અને કામદાર હીતની ચિંતા કરી નિર્ણાયક ભુમિકા ભજવવા નકકી કર્યુ છે અને હવે આ ખાનગીકરણ વિરૂધ્ધ રાજયવ્યાપી લડત કરવા ટુંક સમયમાં નિગમના સત્તાવાળાઓને નોટીસ આપનાર છે.

# સ્પીપા ખાતે ઉપસચિવો માટે ત્રિ-દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રારંભ : મુખ્ય સચિવે કહ્યું વહિવટી તંત્રમાં સચિવાલયના અધિકારીઓની ભુમિકા અત્યંત મહત્વની

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્પીપા દ્વારા સચિવાલયના ઉપસચિવો માટે આયોજીત ત્રિ-દિવસીય તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન પ્રસંગે મુખ્ય સચિવ મનોજ કુમાર દાસે જણાવ્યુ હતુ કે વહિવટી તંત્રમાં સચિવાલયના અધિકારીઓની ભુમિકા અત્યંત મહત્વની હોય છે. આ સ્તરે લેવાયેલા નિર્ણયોની અસર લાંબા ગાળા સુધી રહેતી હોય છે. અગાઉ સચિવાલયે કરેલા ઠરાવ આજે પણ લાખો નાગરીકોના જીવનને પ્રભાવિત કરી રહ્યા છે. જેથી આપણા દ્વારા લેવામાં આવતા નિર્ણયો સાચા, સારા અને સચોટ હોવા જોઈએ,



આજના ઝડપથી બદલાતા યુગમાં જયારે આર્ટીફીશીયલ ઈન્ટેલીઝન્સ અને નવી ટેકનોલોજી દર બે વર્ષે બમણી ગતિએ આગળ વધી રહી છે. ત્યાં અધિકારીઓએ માત્ર પોતાના સાથીદારો સાથે જ નહી પણ આધુનિક ટેકનોલોજી સાથે પણ કદમ મિલાવવા માટે સતત અપડેટ રહેવુ અને તાલીમ લેવી અનિવાર્ય છે. રાજય સરકારના વહિવટી તંત્રને વધુ સુદ્રઢ અને ગતિશીલ બનાવવાના ઉમદા હેતુથી મુખ્ય સચિવ મનોજકુમાર દાસની અધ્યક્ષતામાં સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા-સ્પીપા દ્વારા સચિવાલયના ઉપસચિવો માટે ત્રિ-દિવસીય તાલીમ કાર્યક્રમનુ ગાંધીનગર ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. તારીખ ૨૩ થી ૨૫ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન **enhancing administrative capacities and leadership** વિષય પર આયોજીત આ તાલીમમાં વકતાઓ દ્વારા વહિવટી ક્ષમતા, વિકાસ અને નેતૃત્વના ગુણ, ગુડ ગવર્નન્સ, સાયબર સીકયુરીટી અને ડીઝીટલ પડકારો, પબ્લીક પ્રોકયુરમેન્ટ, જાહેર નાણાંકીય વ્યવસ્થાપન, કોર્ટ સંબંધિત બાબતો તેમજ નીતિ નિર્ધારણ, વહિવટી કાર્યક્ષમતામાં વધારો જેવા વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવશે. સરકારી સેવા એક કોઈ ઉપકાર નથી પણ આપણી ફરજ છે તેવુ જણાવતા મુખ્ય સચિવે કહ્યુ હતુ કે સરકારની વિવિધ સેવાઓનો લાભ લેતા રાજયના લાખો નાગરીકોએ બિનજરૂરી ડોકયુમેન્ટ્સ આપવા ન પડે તેવી રીતે પ્રક્રિયાને વધુ સરળ બનાવવી જોઈએ. ફીલ્ડ લેવલના અધિકારીઓ અને સચિવાલયના અધિકારીઓ નાગરીકોના હીતમાં વધુ કામ કરશે તો જ તેમના દ્વારા લેવાયેલા નિર્ણયો સંવેદનશીલ તેમજ સચોટ બનશે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે મુખ્યમંત્રી, મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓની સુચનાઓનો ઉંડો અભ્યાસ કરીને ગુજરાત જે ક્ષેત્રોમાં પ્રથમ છે તેને ગ્લોબલ સ્ટાન્ડર્ડ સુધી લઈ જવાની અને બાકીના દરેક ક્ષેત્રમાં દેશમાં નંબર-૧ બનાવવાની આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. મુખ્ય સચિવ દાસે વધુમાં કહ્યુ હતુ કે આપણો દેશ જયારે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનવા તરફ જઈ રહ્યો છે. ત્યારે ગુજરાતની ઈકોનોમી પણ અભુતપૂર્વ ગતિએ વધી રહી છે. આ વિકાસની યાત્રામાં માત્ર મંત્રીઓ કે વરીષ્ઠ સચિવો જ નહી પણ દરેક અધિકારી અને કર્મચારીની ભુમિકા મહત્વની હોય છે. આપણે એ કયારેય ન ભુલવુ જોઈએ કે ફાઈલે માત્ર કાગળનો ટુકળો નથી. પણ કોઈના કલ્યાણનો માર્ગ છે. જેના થકી તે નાગરીક અને તેના પરીવારને તેનો સીધો લાભ મળશે. જો આપણે રોજેરોજ પુરી નિષ્ઠાથી કામ કરીએ તો ચોકકસપણે દેશ અને રાજયના વિકાસમાં અમુલ્ય યોગદાન આપી શકીશું.

આ પ્રસંગે સામાન્ય વહિવટ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માએ જણાવ્યુ હતુ કે શિખવાની કોઈ વય હોતી નથી. સતત બદલાતા સમય સાથે વહિવટી તંત્રમાં નવા જ્ઞાન, નવી ટેકનોલોજી અને ડેટા આધારીત અભિગમ અપનાવવો અનિવાર્ય છે. આ ત્રિ દિવસીય તાલીમ કાર્યક્રમમાં આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) સાયબર સીકયુરીટી અને પીએમ ગતિશકિત જેવા મહત્વના પોર્ટલના ઉપયોગ વિશે ટેકનીકલ સત્રો રાખવામાં આવ્યા છે જે પ્રોજેકટ પ્લાનીંગમાં પાયાનુ કામ કરશે. અધિકારીઓને પરંપરાગત રીતે પૂર્વ ગ્રહોને બદલે નકકર ડેટા અને પુરાવાઓ એવિડન્સ બેઝ્ડ ડીસીઝન મેકીંગના આધારે નિર્ણય લેવા પર અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા એ ભાર મુકયો હતો. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આ તાલીમ કાર્યક્રમમાં વહિવટી નિર્ણયોમાં વધુ પારદર્શિતા અને ચોકસાઈ લાવવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવશે. આ તાલીમમાં સીટીઝન સેન્ટ્રિક એડમીનીસ્ટ્રેશન, સ્વાગત કાર્યક્રમ, ગુડ ગર્વનન્સ ઈન્ડેક્ષ, ખાતાકીય તપાસ ના સમયબધ્ધ નિકાલ અને વિકસિત ગુજરાત ૨૦૪૭ ના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટેની વ્યુહ રચના ઉપર ચર્ચા કરવામાં આવશે. લીડરશીપ મોડયુલ અને ઈમોશનલ એજીલીટી-ભાવનાત્મક સુગમતા દ્વારા તણાવપૂર્ણ સ્થિતિમાં કેવી રીતે સ્થિર રહીને કાર્ય કરવુ તે અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

# તમે કેટલા...માં... વેચાયા એ કોં ... શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વીજ જોશી અને અગ્રણીની ઘેરાબંધી

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીનો રંગ જામ્યો છે ત્યારે વડોદરા શહેરમાં આંતરીક વિખવાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ટીકીટ વહેંચણીમાં પક્ષના જુના અને વફાદાર કાર્યકરોની અવગણના થઈ હોવાના આક્ષેપ સાથે શહેર કોંગ્રેસમાં ભડકો થયો છે. આ વિવાદ એટલો વકર્યો છે કે શહેર પ્રમુખ ઋત્વીજ જોશી અને પ્રદેશના અગ્રણીઓને જાહેરમાં કાર્યકરો અને મુસ્લીમ સમાજના રોષનો ભોગ બનવુ પડયુ છે.




ગઈ કાલે બુધવારે મોડી રાત્રે વડોદરાના રોડ રસ્તાઓ પર હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. મુસ્લીમ સમાજના અગ્રણીઓએ અને મોટી સંખ્યામાં યુવાનોએ શહેર પ્રમુખ ઋત્વીજ જોશીની ગાડી અટકાવી દીધી હતી. ઉશ્કેરાયેલા કાર્યકરોએ સીધો આક્ષેપ કર્યો હતો કે, વરસોથી કોંગ્રેસ સાથે જોડાયેલા અને વફાદાર રહેલા મુસ્લીમ સમાજની અવગણના કરવામાં આવી છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ હતી કે રોડ રસ્તા પર ઉભેલા યુવાનોએ શહેર પ્રમુખને મોઢા મોઢ સવાલ પુછયો હતો કે તમે કેટલામાં વેચાયા એ તો કહો ? પૈસા લઈને ટીકીટનો સોદો કરવામાં આવ્યો છે.

કાર્યકરોનો આક્રોશ માત્ર ટીકીટ ન મળવા બાબતે જ નહી, પણ જે રીતે ટીકીટોની વહેંચણી થઈ છે તેની સામે છે, વિરોધ કરી રહેલા લોકોએ આક્ષેપ કર્યો હતો કે પક્ષ માટે લોહી પરસેવો પાડનારા કાર્યકરોને સાઈડ લાઈન કરાયા છે.

ચોકકસ વોર્ડ માં ટીકીટો વેચાઈ હોવાની ચર્ચાઓએ જોર પકડયુ છે. મુસ્લીમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ નથી. વિરોધ પ્રદર્શન દરમિયાન યુવાનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો આ અન્યાય દુર કરવામાં નહી આવે તો આવનારી ચુંટણીમાં કોંગ્રેસે ગંભીર પરીણામો ભોગવવા પડશે. કાર્યકરોએ નારા લગાવ્યા હતા કે હવે અમુક વોર્ડ માં કોંગ્રેસ નહી ચાલે, જે પક્ષ માટે ચિંતાનો વિષય બન્યો છે. જાહેરમાં થયેલા આ ઘેરાબંધી અને ગંભીર આક્ષેપોને કારણે ઋત્વીજ જોશી અને અન્ય નેતાઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા હતા. એકતરફ ભાજપ સામે લડવાની તૈયારી કરવાની છે તો બીજી તરફ ઘરના લોકો જ બળવો કરી રહ્યા છે. જે વડોદરા કોંગ્રેસની નબળી પડતી પકકડ તરફ ઈશારો કરે છે. વડોદરામાં કોંગ્રેસની આ અંતરકલહ ચુંટણીના પરીણામો પર કેવી અસર પાડશે તે તો સમય જ બતાવશે. પરંતુ હાલમાં તો પક્ષના શિસ્તના લીરેલીરા ઉડતા જોવા મળી રહ્યા છે.

# પાવી જેતપુરના નાની રાસલીમાં બાળકી પર દીપડાનો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકામાં દીપડાના હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નાની રાસલી ગામે ઘરના વાડામાં નહાઈ રહેલી ચાર વર્ષીય માસૂમ બાળકી પર દીપડાએ અચાનક હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળકીને હાલ વધુ સારવાર માટે બોડેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, પાવી જેતપુરના નાની રાસલી ગામે રહેતા એક પરિવારની ૪ વર્ષીય બાળકી સાંજના સાત વાગ્યાના અરસામાં ઘરના પાછળના ભાગે આવેલા વાડામાં નહાઈ રહી હતી.

આ સમયે અંધારાનો લાભ લઈને ઓચિંતા ધસી આવેલા દીપડાએ બાળકી પર હુમલો કર્યો હતો. બાળકીની ચીસાચીસ સાંભળીને પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવતા દીપડો બાળકીને છોડીને જંગલ તરફ ભાગી છૂટ્યો હતો.

# સુરતમાં ઈવીએમ ના ચેકીંગ સમયે જ બખેડોઃ ૧૪ મત નાંખ્યા ને મશીનમાં ૧૮ બતાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના ઉધના ત્રણ રસ્તા નજીક આવેલી એકેડમીમાં ઈવીએમ ચેકીંગ પ્રક્રિયા દરમિયાન અચાનક જ ભારે હોબાળો મચી ગયો હતો. વોર્ડ નં.૨૫, ૨૬ અને ૨૭ માટે ચાલી રહેલા ઈવીએમ ટેસ્ટીંગ દરમિયાન મતો માં તફાવત જોવા મળતા રાજકીય પક્ષોના કાર્યકર્તાઓએ ગંભીર આક્ષેપો કર્યા હતા. મળતી માહિતી અનુસાર ચેકીંગ દરમિયાન માત્ર ૧૪ મતો નાખવામાં આવ્યા હોવા છતાં મશીનમાં ૧૮ મતો દર્શાવાતા સવાલો ઉભા થયા હતા. આ તફાવત સામે આવતા જ સ્થળ પર હાજર કાર્યકર્તાઓમાં રોષ ફાટી નીકળ્યો હતો અને વાતાવરણ તંગ બન્યુ હતું. કાર્યકર્તાઓએ ઈવીએમમાં ટેકનીકલ ખામી હોવાની કે પછી છેડછાડ થઈ હોવાની આશંકા વ્યકત કરી હતી. કેટલાક કાર્યકર્તાઓએ ચેકીંગ પ્રક્રિયાની પારદર્શકતા પર સીધા સવાલો ઉઠાવ્યા હતા અને ચુંટણી પ્રક્રિયામાં ગેરરીતીનો આક્ષેપ કર્યો હતો. ઘટનાના પગલે સ્થળ પર ભારે ગભરાહટ ફેલાયો હતો અને વિરોધ દર્શાવતા કાર્યકરોએ ઉગ્ર પ્રદર્શન કર્યુ હતું. આ હોબાળાને કારણે ઈવીએમ ચેકીંગ પ્રક્રિયામાં પણ વિક્ષેપ પડયો હતો. પરિસ્થિતિ કાબુમાં લેવા માટે સ્થાનિક અધિકારીઓએ હસ્તક્ષેપ કર્યો હતો. સુત્રોના જણાવ્યા મુજબ ચુંટણી અધિકારીઓ દ્વારા મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને ટેકનીકલ ખામી કે અન્ય કારણો અંગે સ્પષ્ટતા કરવા પ્રયાસો ચાલી રહ્યા છે. જો કે કાર્યકર્તાઓએ જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. આ ઘટનાને કારણે સુરત શહેરની રાજકીય હવામાં ફરીથી ગરમાવો આવી ગયો છે. ચુંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શકતા અંગે ઉઠેલા સવાલો હવે આગામી દિવસોમાં વધુ ગંભીર સ્વરૂપ લઈ શકે છે. હાલ સમગ્ર મામલે અધિકારીઓની સત્તાવાર પ્રતિક્રિયા આવવાની રાહ જોવામાં આવી રહી છે.



### વાલ્મીકિ સમાજનું ગૌરવ

# ઈંગ્લિશ મીડિયમ સાથે MBBSના ઉચ્ચ અભ્યાસ અર્થે રશિયા જતી કુમારી ઉપાસના સોલંકીને વડીલો, સંતો, ડોકટરો, વકીલો અને સામાજિક આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી

## વાલ્મીકિ સમાજ ના ગૌરવરૂપ ઉપાસના નો ઉચ્ચ અભ્યાસ સમાજના વડીલો, બાળકો અને અન્યો માટે પ્રેરણા રૂપ છેઃ- ભાઈલાલ વૈષ્ણવ

(છગનલાલ મેવાડા ધ્વારા સુરત)

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના મહામંત્રી અશોકભાઈ સોલંકી અને શીલાબેન સોલંકીની ચિ.સુપુત્રી કુમારી ઉપાસના સોલંકી ધોરણ ૧૨ સાયન્સનો અભ્યાસ ઈંગ્લિશ મીડિયમમાં પૂર્ણ કરી MBBS ના ઉચ્ચ અભ્યાસ અર્થે રશિયા જતાં હોય તેમના પરિવારજનો માં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. ઘરના વડીલો, સમાજના સંતો, ડોકટરો, વકીલો અને સામાજિક આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી છે.




વાલ્મીકિ સમાજની દીકરીને સંતશ્રી મહેશભાઈ શેઠ, સંતશ્રી આલોક પુનિતમ, સંતશ્રી કાંતિદાસ, સંતશ્રી રવિરામ ગુરુશ્રી ફૂલારામ મહારાજના ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેન રજવાડી, મગનલાલ સોલંકી, કાન્તાબેન સોલંકી, એડવોકેટ મહેન્દ્રભાઈ સોલંકી, મનીષાબેન મહેન્દ્રભાઈ સોલંકી, એડવોકેટ અને નોટરી અશ્વિનભાઈ વૈષ્ણવ, નીતુબેન વૈષ્ણવ, એડવોકેટ જીતુભાઈ શાહ, નીતાબેન શાહ, અને સુરત મેડિકલ કોલેજના પ્રોફેસર ડો.ઈન્દિરાબેન પરમાર, ડો. એસ.એલ.કંથારીયા, અશોકભાઈ કંથારીયા, એડવોકેટ મયંકભાઈ સોલંકી, સુભાષભાઈ સોલંકી, રમેશભાઈ સોલંકી, સામાજિક આગેવાન છગનલાલ મેવાડા, ગુજરાત પ્રદેશ મહાનગર પાલિકા કર્મચારી કોંગ્રેસના મહામંત્રી સૈયદભાઈ શેખ, સામાજિક કાર્યકર અને ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના મહામંત્રી રવિભાઈ સુરતી અને શ્યામભાઈ ટેનિયા, પ્રદીપ વૈષ્ણવ, સોનલ વૈષ્ણવ, કમલેશભાઈ સોલંકી, સુરત મેડિકલ કોલેજના ડિન ડો.શૈલેન્દ્રભાઈ વાજપેઈ, મનીષભાઈ રજવાડી, દક્ષિણ ગુજરાતના એડવોકેટ ડી.સી. સોલંકી, પ્રિયંકા સોલંકી, કરણ સોલંકી, શાંતાબેન સોલંકી વિગરેએ કુમારી ઉપાસનાને શુભેચ્છા પાઠવી છે.

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ વૈષ્ણવ અને નંદાબેન વૈષ્ણવે કુમારી ઉપાસનાને શુભેચ્છા પાઠવી તેણીનો અભ્યાસ શાંતિથી પૂરો થાય તેવી આશા વ્યકત કરી છે. વાલ્મીકિ સમાજના વિદ્યાર્થીઓ અને વાલીઓએ કુમારી ઉપાસનાનું ઉચ્ચ અભ્યાસનું ઉદાહરણ લક્ષમાં લેવા અને તેઓના બાળકોને ડોકટર, એંજિનિયર બનાવવા અંગે ગમેતેવી મુશ્કેલી હોય તેમ છતાં બાળકોના હિતમાં તેઓના ઉચ્ચ અભ્યાસ માટે વિચારવું જોઈએ. અને હાલની સ્થિતિ માં બાળકો ડોકટર, એંજિનિયર કે વકીલ બનશે તો જ તેઓ સારી રીતે તેઓનું જીવન પસાર કરી શકશે. તે માટે કુમારી ઉપાસના જે બચપણથી ડોકટર બનવાના સ્વપ્ન જોઈ રહી હતી તે આજે સાકાર થવા જઈ રહેલ છે તે ઉદાહરણ ને સમાજે લક્ષમાં લેવું જોઈએ. પોતાના બાળકો માટે ઉચ્ચ અભ્યાસ માટે વિચારવા અપીલ કરી છે. કુમારી ઉપાસના સમાજ માટે દીવા દાંડીરૂપ છે.

# છેલ્લા ત્રણ-ત્રણ વર્ષથી સળગી રહેલું મણિપુર કયારે શાંત થશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતના ઉત્તરપૂર્વનું અત્યંત સંવેદનશીલ બની ચૂકેલું રાજય મણિપુર આમ તો છેલ્લા ત્રણેક વરસથી સળગી રહ્યું છે. વચ્ચે થોડો સમય રાહતરૂપ રહ્યા બાદ હવે અશાંતિ અને અંધાધૂંધી આ રાજયમાં પાછી ફરી છે. અને સ્થિતિ સુધરવાને બદલે વણસતી હોવાનો અંદાજ આવી રહ્યો છે.

ત્રણેક વર્ષ પહેલા ભાજપની સરકારે કુકી અને મૈઈતેઈ વચ્ચે અનામત બાબતે થયેલા સંઘર્ષને ઉકેલવામાં થાપ ખાધી અને પછી જે મણિપુરની હાલત થઈ એ સર્વવિદિત છે. વર્ષોથી હળીમળીને રહેતા કુકી અને મૈઈતેઈ સમુદાય વચ્ચે પછી એવા વેરના વાવેતર થયા કે તેનું ઝેર આજે પણ મણિપુરને ડંખી રહ્યું છે. વળી હિંસા વકર્યા બાદ તેને ડામવામાં પણ કેન્દ્ર અને રાજય બંને સરકારો ઊણી ઉતરી જેના માઠાં પરિણામ આજે મણિપુર તેમજ દેશ ભોગવી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૭ એપ્રિલે મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં એક ઘર પર થયેલા બોમ્બ હુમલામાં બે નિર્દોષ બાળકોના મોત થયા હતા. આ ઘટના સામે સ્થાનિક વિરોધ દરમ્યાન હિંસક અથડામણમાં ત્રણ લોકો માર્યા ગયા હતા.

આમ રાજયમાં હિંસાની વધતી જતી ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે પરિસ્થિતિ રાખ નીચે ઢંકાયેલી ચિનગારી જેવી છે. જે તક મળતા જ આગમાં ફેરવાઈ શકે છે. તેથી સરકાર અને સુરક્ષા દળોએ કાયદામાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે પ્રામાણિક, ખુલ્લા અને નિષ્પક્ષ જાહેર સંવાદને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમજ હવે ભવિષ્યમાં પરિસ્થિતિ અગાઉ જેવી વણસે નહીં એની પૂરેપુરી તકેદારી રાખવી જોઈએ.

# આમ આદમી પાર્ટીની સભામાં મોદીની જેમ ગોપાલ.. ગોપાલ ના નારા કેમ લાગી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હાલ સ્થાનિક સ્વરાજયની ચાલી રહેલી ચુંટણીઓમાં આમ આદમી પાર્ટીની પ્રચાર સભાઓમાં એક નવીનતા જોવા મળી રહી છે. વિસાવદરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જયારે મંચ પર બોલવા ઉભા થાય છે ત્યારે ગોપાલ.. ગોપાલ ના નારા લોકો લગાવી રહ્યા છે. ગોપાલ ઈટાલીયા ગુજરાતના યુવાન નેતાઓમાં એક સૌથી લોકપ્રિય નેતા તરીકે ઉભરી રહ્યા છે. આપણે ગુજરાતના રાજકારણમાં ફકત એક વ્યકિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નારા લાગતા આજ સુધી જોયા છે. જયારે નરેન્દ્રભાઈ મંચ પર ભાષણ આપવા જાય ત્યારે મોદી... મોદી ના નારા લાગતા હોય છે. આવી જ સ્થિતિ હવે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા માટે જોવા મળી રહી છે.



ગોપાલ ઈટાલીયાના પ્રશંસકોની સંખ્યા આખા ગુજરાતમાં વધતી જોવા મળી રહી છે. ગોપાલ ઈટાલીયા માટેના નારા લાગવા પાછળના કારણો તપાસીએ તો ધારાસભ્ય બન્યા પહેલા થી જ પોતાના પ્રશંસકો અને ફોલોઅર્સ નુ જુથ બનાવી ચુકયા હતા. તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા તે પહેલા પાટીદાર અનામત આંદોલન સમિતિમાં સક્રિય હતા. પરંતુ ત્યારે તેમની એટલી લોકચાહના ન હતી, પરંતુ તેમણે જયારે તત્કાલીન ગૃહમંત્રીને જુતુ માર્યુ ત્યાર પછી તે ખાસ્સા ચર્ચામાં આવી ગયા, ત્યારબાદ તેઓ સુરતમાં કાયદા કથાઓના માધ્યમથી લોકોમાં કામ કરી રહ્યા હતા. તેમણે સતત લોકો વચ્ચે રહી કંઈકને કંઈ કામ કર્યુ, ત્યારબાદ આમ આદમી પાર્ટીમાં જોડાયા, તેમની ઈમેજને સૌથી વધુ બુસ્ટ સુરત મહાનગરપાલિકાની વર્ષ ૨૦૨૧ ની ચુંટણીમાં મળ્યુ, તેમની આગેવાનીમાં આશ્ચર્યજનક રીતે પાર્ટીએ ૨૭ કોર્પોરેટરોને જીતાડયા, આ બાબતે આખા દેશમાં ચર્ચા જગાવી, નવી સવી પાર્ટી દેશના એક મહત્વના શહેર અને તે પણ ભાજપના ગઢ માં આટલુ મોટુ ગાબડુ પાડે તે બધા માટે એક આશ્ચર્ય હતું. પછી આવી વિધાનસભાની ચુંટણી, આ ચુંટણીમાં ગોપાલ તો ન જીતી શકયા પરંતુ પાંચ ધારાસભ્યોને જરૂર જીતાડયા, આમ પણ ગોપાલનો ફાળો મોટો હતો. પછી આવી વિસાવદરની પેટા ચુંટણી, આ ચુંટણીમાં ભાજપના મજબુત ઉમેદવારને ૧૭ હજાર મતે હરાવીને ગોપાલે પોતાને એક રાજયસ્તરના સફળ રાજકારણી તરીકે સાબિત કર્યા,

ગોપાલ ઈટાલીયાની ખાસીયત છે નીડરતા, તેઓ કોઈપણ મોટા કે શકિતશાળી નેતા સામે સ્પષ્ટ રીતે બોલવાથી ડરતા નથી, આને કારણે ઘણીવાર વિવાદો પણ ઉભા થાય છે. આ ઉપરાંત તેઓ સોશીયલ મીડીયાનો અસરકારક ઉપયોગ કરી જાણે છે. કયા સમયે શું નિવેદન આપવુ, કોની સામે નિવેદન આપવુ, કયો મુદ્દો ઉપાડવો, તેમાં હથોટી આવી ગઈ છે. આ ઉપરાંત તે સતત સોશીયલ મીડીયા પર લાઈવ આવીને લોકો સાથે જોડાયેલા રહે છે. તેમની ભાષણ આપવાની સ્ટાઈલ પણ પ્રભાવક છે. ખુબ જ તર્કબધ્ધ રીતે તળપદા ઉદાહરણો આપીને તે લોકોને પોતાની વાત સમજાવે છે.

વિસાવદરની ચુંટણી પછી ધારાસભ્ય બન્યા બાદ અભિવાદન સભામાં ગોપાલ ઈટાલીયાએ જયારે વરાછામાં ભાષણ આપ્યું, આ ભાષણનો સાર એ હતો કે તેઓ માત્ર વિસાવદરની ચુંટણી નથી જીત્યા પરંતુ જાણે આખુ ગુજરાત જીતી લીધુ હોય, તેઓ આખા ગુજરાતના એક મજબુત યુવા નેતા તરીકે ઉભરી આવ્યા છે. કદાચ પહેલીવાર ત્યારે જ લોકોમાંથી ગોપાલ..ગોપાલ ના નારા લાગવાના શરૂ થઈ ગયા. ત્યાર પછી હાલ ચાલી રહેલી ચુંટણીઓમાં પણ તે નારાઓ યથાવત છે. જો પાટીદાર યુવા નેતાઓની વાત કરીએ તો એક સમય હતો હાર્દિક પટેલના નારા લાગતા હતા. તેમની લોક ચાહના ખુબ હતી, પરંતુ હવે તે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. આજે કદાચ પેન ગુજરાત સૌથી પોપ્યુલર પાટીદાર યુવા નેતાઓના નામ નકકી કરવા હોય તો ગોપાલ ઈટાલીયાનુ નામ સૌથી આગળની હરોળમાં હશે તે નકકી છે. તો શું ગોપાલ ઈટાલીયા ગુજરાતના કેજરીવાલ બની ગયા છે.

# રાજકોટ પંચાયતની અમુક બેઠકોમાં ભાજપને ભાજપ જ હરાવશેઃ કોંગ્રેસ ભાજપ શાસનની નિષ્ફળતા તથા સત્તા વિરોધી માહોલ સર્જવા લડાયક

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંતર્ગત રાજકોટ જિલ્લા પંચાયત તથા જિલ્લાની તાલુકા પંચાયતોની પણ રવિવારે ચુંટણી યોજાવવાની છે. તે અગાઉ જીત માટે છેલ્લી ઘડી સુધી કાવાદાવા તથા અસંતોષ અને મનામણાનો દોર જાગી જ રહ્યો છે. ગત ટર્મમાં સત્તા મેળવનાર ભાજપને ફરી સત્તા મળી શકે છતાં કેટલીક બેઠકોમાં ભાજપ જ ભાજપને હરાવે તેવુ રાજકીય ચિત્ર ઉપસી રહ્યુ છે. રાજકોટ, પડધરી, જસદણ, વીંછીયા, લોધિકા જેવા તાલુકાઓમાં જિલ્લા પંચાયતની તમામ બેઠકો જીતવાની મુશ્કેલ છે. ખુબ ભાજપના જ આંતરીક રીપોર્ટમાં ૩૬ માં થી માત્ર ૨૧ બેઠકો જ સલામત હોવાનુ તારણ દર્શાવવામાં આવ્યુ છે. રાજકોટ




જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો છે. ગત ટર્મમાં ભાજપને બહુમતી મળી હતી. ૨૪ બેઠકો જીતી હતી, કોંગ્રેસનો ૧૨ બેઠકો પર વિજય થયો હતો. જો કે રાજકીય કાવાદાવા વચ્ચે શકિતશાળી નેતા અર્જુન ખાટરીયા સહિત ૬ સભ્યો કોંગ્રેસનો હાથ છોડીને ભાજપમાં સામેલ થઈ ગયા હતા. તેના આધારે ભાજપની સભ્ય સંખ્યા ૩૦ થઈ ગઈ હતી. ૨૦૨૧ માં ભાજપ માટે જસદણ-વીંછીયા સૌથી નબળુ પુરવાર થયુ હતું. જયાં મહત્તમ બેઠકો કોંગ્રેસે આંચકી લીધી હતી. રાજકીય સુત્રોના કહેવા પ્રમાણે સ્થાનિકથી માંડીને દિલ્હી સુધી સત્તા ધરાવતા ભાજપ માટે ચિત્ર સારૂ જ હોવાથી આ વખતે ટીકીટ મેળવવા માટે દાવેદારોનો રાફડો ફાટયો હતો. ઉપરાંત ટીકીટ માટેના માપદંડને કારણે અનેકને મેદાનમાંથી ખસી જવુ પડયુ હતું. આ સિવાય અનામત બેઠક રોટેશનના ફેરફાર જેવા કારણોએ પણ અનેક સભ્યો ફરી વખત ટીકીટ મેળવી શકયા ન હતા.

પૂર્વ પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ પી જી કીયાડા, પૂર્વ કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા જેવા નામો મુખ્ય હતા. ખાસ કરીને માપદંડમાં ફીટ બેસતા હોવા છતાં ટીકીટના દાવા ફગાવી દેવાતા અને નેતાઓના માનીતાને ટીકીટ ફાળવી દેવાયાના કથિત ઘટનાક્રમનો અસંતોષ અને નારાજગી હજુ સંપૂર્ણ રીતે દુર થઈ શકી નથી અને કેટલીક બેઠકોના પરીણામ પર પણ અસર થઈ શકે છે. મુખ્યત્વે રાજકોટ, જસદણ, વીંછીયા, પડધરી, લોધિકા જેવા તાલુકાઓની જિલ્લા પંચાયતની તમામ બેઠકો જીતવાનુ પડકારજનક બની રહે તેમ છે. રાજકોટ તાલુકામાં જિલ્લા પંચાયતની ૬ બેઠકો આવે છે. તેમાં ત્રાંબા, સરધાર, બેડી, આણંદપર જેવી મહત્વની બનેલી સીટો સામેલ છે. લોધિકા, પડધરીમાં બે-બે બેઠકો છે. જયારે જસદણ વીંછીયામાં ૧૦ થી વધુ બેઠકો છે.

# મોદીએ માત્ર દેશની આંખ માં ધુળ નાખવાનુ કામ કર્યુ : રાજકોટમાં કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે આરએસએસને લીધી આડે હાથ

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક હાલ ચુંટણીના પડઘમની વચ્ચે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેમણે તાજેતરમાં ભારતીય સંસદમાં રદ થયેલા મહિલા સંશોધન બીલ અંગે આપેલા નિવેદન પર હાલ ચર્ચાઓ શરૂ થઈ છે.




કોંગ્રેસના નેતા મુકુલ વાસનિકે આ મામલે મીડીયાને સંબોધતા જણાવ્યુ હતુ કે સંસદમાં જે બીલ રજુ થયુ તે મહિલા સંશોધન બીલ ન હતું, આ બીલ પરીસીમન એટલે કે વસ્તીગણતરીના આધારે દેશ કે રાજયમાં લોકસભા અને વિધાનસભાના ચુંટણી મતવિસ્તારોની સીમાઓનુ પુનઃ નિર્ધારણ કરવા માટેનુ બીલ હતું. કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે ખાસ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રીએ માત્ર દેશની આંખમાં ધુળ નાખવાનુ કામ કર્યુ છે. નરેન્દ્ર મોદીએ એક પ્રધાનમંત્રી તરીકે નહી પરંતુ ભાજપના નેતા તરીકે દેશને સંબોધન કર્યુ છે. ભાજપ અને જનસંઘે કયારેય મહિલાઓને પ્રતિનિધિત્વ આપ્યુ નથી, જો કે ભારતનુ સંવિધાન બન્યુ ત્યારથી કોંગ્રેસે મહિલાઓને પ્રાધાન્ય આપ્યુ છે. એમ કહીને મુકુલ વાસનિકે પોતાના સંબોધનમાં અનેક વખત કોંગ્રેસનુ નામ લીધુ હતું. રાજકોટની મુલાકાતે આવેલા કોંગ્રેસ પ્રભારીએ ખાસ આરએસએસ (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ) પર નિશાન સાધી મોટુ નિવેદન આપતા કહ્યુ હતું કે આરએસએસમાં મહિલાઓને સ્થાન નથી, આ એક પુરુષોની જ માત્ર સંસ્થા છે. ૧૦૦ વરસોમાં આરએસએસ એ મહિલાઓને કયારેય સ્થાન આપ્યુ નથી અને હવે આ લોકો સંસદમાં મહિલાને અનામત આપવાનુ નાટક કરે છે. વધુમાં હાલમાં ગુજરાતભરમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંગે મુકુલ વાસનિકે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ભાજપ લોકતંત્રની હત્યા કરી રહ્યુ છે. અમારા ઉમેદવારોને ડરાવવામાં આવ્યા છે. ધમકાવવામાં આવી રહ્યા છે, પોલીસની સત્તાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, ભાજપ લોકોની વચ્ચે જઈ શકતી નથી જેથી આ રીતે બિનહરીફ ચુંટણી કરાવે છે. નોંધનીય છે કે કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગે એ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આતંકવાદી કહ્યા હતા. જે મામલે પણ અંતે કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે સમર્થન કર્યુ હતું અને કહ્યુ હતુ કે મલ્લિકાર્જુન ખડગે વરસોથી સક્રિય રાજકારણ સાથે જોડાયેલા છે. તેઓ જે પણ નિવેદન આપે તે સમજી વિચારીને જ આપતા હોય છે. જો કે ભાજપ તેના નિવેદનને તોડી મરોડીને રજુ કરી રહ્યુ છે.

ત્યારે રાજકોટમાં ચુંટણી વચ્ચે કોંગ્રેસના ભાજપ, આરએસએસ અને વડાપ્રધાન મોદી પરના આ આકરા પ્રહારો મામલે હાલ રાજકારણ ગરમાયુ છે.

# ચુંટણીપંચે એસઆઈઆર સુધારાના નામે મતદાર યાદીમાં કર્યા છબરડાઃ કોંગ્રેસનો આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના વટવા વિસ્તારમાં મતદાર યાદી અંગે ગંભીર ગરબડ કરાઈ હોવાના આક્ષેપો બહાર આવ્યા છે. અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા દાવા મુજબ અનેક બુથની યાદીમાં એક જ મતદારનુ નામ અનેકવાર નોંધાયેલુ જોવા મળ્યુ હતું.




આ મુદ્દે રાજકીય ગરમાવો વધ્યો છે. જયારે એસઆઈઆરના નામે કેન્દ્રીય ચુંટણીપંચે સમગ્ર ગુજરાતની મતદાર યાદી અદ્યતન કરી હોવાનો દાવો કર્યો હોય તો આ પ્રકારે રહી ગયેલ ક્ષતિ ચોકકસ ઈરાદા સાથે જ રહેવા પામી હોય, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલે આક્ષેપ કર્યો હતો કે વટવા વિસ્તારમાં અનેક પેજ પર એક જ વ્યકિતનુ નામ, ફોટો અને સરનામુ હોવા છતાં તે વારંવાર દાખલ કરવામાં આવ્યુ છે. બુથ મેનેજમેન્ટની કામગીરી દરમિયાન આવા ડુપ્લીકેટ મતદાતાઓ બહાર આવ્યા હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું.

કોંગ્રેસનો સવાલ એ છે કે જયારે ચુંટણીપંચ દ્વારા મતદાર યાદી શુધ્ધ કરાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ત્યારે આ પ્રકારની ગેરરીતીઓ કેવી રીતે રહી ગઈ ? વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે ચુંટણીપંચ પાસે આધુનિક સોફટવેર હોવા છતાં તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવતો નથી.

ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા સામે સીધા નિશાન સાધતા કોંગ્રેસે જણાવ્યુ હતુ કે ડુપ્લીકેટ મતદાતાઓના નામના આધારે સત્તાધારી પક્ષ ગોલમાલ કરતો હોવાની શંકા છે. આ મુદ્દે પારદર્શક તપાસ અને મતદાર યાદીની ફરી સમીક્ષા કરવાની માંગ ઉઠી રહી છે. રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આ મુદ્દો આગામી ચુંટણી પહેલા મહત્વપૂર્ણ બની શકે છે અને મતદાર યાદીની વિશ્વસનીયતા અંગે પણ સવાલો ઉભા કરી શકે છે.

# નડીયાદમાં ચુંટણી વિભાગની ગંભીર બેદરકારી : બેલેટ પેપરમાં ઉમેદવારનુ નિશાન છાપવાનું જ ભુલી ગયા

પ્રતિનિધિ,ગાંધીનગર

નડીયાદ શહેરમાં ચુંટણી પ્રક્રિયા દરમિયાન ગંભીર બેદરકારીનો મામલો બહાર આવ્યો છે. જેને કારણે મતદાન વ્યવસ્થાની પારદર્શિતા પર સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ નડીયાદ શહેરના વોર્ડ નં. ૪ માટે તૈયાર કરાયેલા બેલેટ પેપરમાં એક અપક્ષ ઉમેદવારનુ ચુંટણી ચિન્હ છાપવાનુ જ રહી ગયુ હતું. છતાં આ બેલેટ પેપરો મતદારોમાં વહેંચી દેવામાં આવ્યા હતા, આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જયારે મતદારો અને ઉમેદવારોના સમર્થકોએ બેલેટ પેપર તપાસ્યા, તેમાં ઉમેદવારનુ નામ તો હતુ પરંતુ તેની સામે ચુંટણી ચિન્હ ન હતું. જેના કારણે




મતદારોમાં ગુંચવણ ઉભી થઈ હતી. ખાસ કરીને ગ્રામ્ય અને ઓછા શિક્ષિત મતદારો માટે ચુંટણી ચિન્હ ખુબ જ મહત્વનુ હોય છે. ત્યારે આ પ્રકારની ભુલ ગંભીર ગણાય છે. મળતી માહિતી અનુસાર વોર્ડ નં. ૪ માં કુલ ૬૬ મતદારો બેલેટ પેપર દ્વારા મતદાન કરવા જઈ રહ્યા હતા. આવી સ્થિતિમાં આ ભુલ મતદાનના પરીણામને પણ અસર કરી શકે છે. સ્થાનિક સ્તરે આ મામલે અસંતોષ જોવા મળી રહ્યો છે. અને કેટલાક લોકોએ ફરીથી બેલેટ પેપર છાપવાની માંગ પણ ઉઠાવી છે.

આ સમગ્ર ઘટનાને લઈને ચુંટણી વિભાગની કામગીરી પર સવાલો ઉભા થયા છે. સામાન્ય રીતે બેલેટ પેપર છાપતા પહેલા અનેક તબકકે ચકાસણી કરવામાં આવે છે. છતાં આવી ગંભીર ભુલ કેવી રીતે થઈ તે તપાસનો વિષય બન્યો છે. આ મામલે ચુંટણી અધિકારીએ મીડીયાને કોઈ સ્પષ્ટ જવાબ આપવાનુ ટાળ્યુ હતું. જેનાથી શંકાઓ વધુ ગાઢ બની છે. હાલ આ મુદ્દે અધિકારીઓ આંતરીક તપાસ હાથ ધરી રહ્યા હોવાની માહિતી મળી રહી છે. આ ઘટનાએ ચુંટણી પ્રક્રિયામાં વધુ સાવચેતી અને જવાબદારીની જરૂરીયાતને ફરી એકવાર ઉજાગર કરી છે. જેથી મતદારોનો વિશ્વાસ જળવાઈ રહે.

# રાજય સરકારના ૨૭માંથી ૧૧ વિભાગના પ્રજાના નોકરો જવાબ આપવામાં ઉણા ઉતર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકાર એક તરફ ડીઝીટલ ઈન્ડીયા અને પારદર્શિતાની વાતો કરે છે. તો બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ વામળા સાબિત થઈ રહ્યા છે.



સરકાર એક તરફ ડીઝીટલ ઈન્ડીયા અને પારદર્શિતાની વાતો કરે છે. તો બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ આનાકાની કરી રહ્યા છે. જે નાગરીકોના માહિતી મેળવવાના લોકશાહી અધિકાર પર તરાપ સમાન છે. રાજય સરકારના ૨૭ માં થી ૧૧ વિભાગના પ્રજાના નોકરો જવાબ દેવામાં ઉણા ઉતર્યા છે. સુપ્રિમ કોર્ટના કડક આદેશો અને રાજયના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા વારંવાર પરીપત્રો બહાર પાડવા છતાં ગુજરાતમાં માહિતી અધિકાર હેઠળની સેકશન-૪ (૧) (બી) એટલે કે પ્રોએકિટવ ડિસ્કલોઝર ની અમલવારીમાં ઘોર બેદરકારી બહાર આવી છે. રાજયના કુલ ૨૭ સરકારી વિભાગોમાંથી ૧૧ વિભાગોએ હજુ સુધી સર્ટીફીકેટ સબમીટ કર્યા નથી. રાજયમાં કુલ ૧૧,૮૮૩ જાહેર સત્તામંડળો છે. જેમાંથી માત્ર ૭૫ (૧ ટકા થી પણ ઓછા) એ જ પેડ સર્ટીફીકેટ જમા કરાવ્યા છે. ખુદ સામાન્ય વહિવટ વિભાગ જે આ નિયમોના અમલીકરણ માટે જવાબદાર છે અને જેણે અત્યાર સુધીમાં ૧૭ પરીપત્રો બહાર પાડયા છે. તેણે પણ પોતાનુ પ્રોએકિટવ ડિસ્કલોઝર અપડેટ કર્યુ નથી.

આરટીઆઈ અરજદાર અલ્પેશ ભાવસારે જણાવ્યુ હતુ કે આ માહિતી મેળવવા માટે પણ તેમણે ભારે સંઘર્ષ કરવો પડયો હતો. તેમને બે વખત અપીલ કરવી પડી અને બીજી અપીલ બાદ માહિતી કમિશનના હસ્તક્ષેપ પછી જ જીએડીએ ડેટા આપ્યા હતા. ૧૭ જુલાઈ ૨૦૧૯ ના પરીપત્ર મુજબ તમામ જિલ્લા વડાઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, બોર્ડ અને નિગમોએ સર્ટીફીકેટ જે તે વિભાગનો આપવાના હોય છે અને વિભાગે તે જીએડીને સોંપવાના હોય છે.